પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૦-૦૫-૨૦૨૬-બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૧૩૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# વિક એન્ડમાં ઇરાન પર હુમલો કરવા ટ્રમ્પની નવી ધમકી

## ઇરાનને મોટો ઝટકો આપ્યા વિના છુટકો ન હોવાનું સૂચક વિધાન કરતા અમેરિકાના પ્રમુખ

**વોશિંગ્ટન, તા.૨૦**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર ફરી એકવાર સૈન્ય હુમલો કરવાની ખુલ્લી ધમકી આપી છે, જેના કારણે વૈશ્વિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે ફરી એકવાર મોરચો ખોલતા આગામી દિવસોમાં મોટા સૈન્ય હુમલા કરવાની જાહેરાત કરી છે.



બુધવારે વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, 'હું આશા રાખું છું કે અમારે યુદ્ધની જરૂર ન પડે, પરંતુ ઈરાનને વધુ એક મોટો ઝટકો આપવો પડી શકે છે.' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે આ નવો હુમલો ક્યારે થશે.

ત્યારે ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે આગામી બે-ત્રણ દિવસમાં એટલે કે શુક્રવાર, શનિવાર, રવિવાર અથવા આવતા સપ્તાહની શરૂઆતમાં એક મર્યાદિત સમય માટે આ સૈન્ય કાર્યવાહી કરવામાં આવી શકે છે.

નોંધનીય છે કે ટ્રમ્પનું આ નિવેદન તેમના અગાઉના દબદબાથી તદ્દન વિપરીત છે. મંગળવારે જ ટ્રમ્પે એવો દાવો કર્યો હતો કે યુએઈ જેવા ખાડી દેશોની વિનંતી અને આગ્રહના કારણે તેઓ હાલ પૂરતો ઈરાન પરનો હુમલો ટાળી રહ્યા છે.

જો કે, ખાડી દેશોએ સત્તાવાર રીતે ટ્રમ્પના આ દાવાને નકારી કાઢ્યો હતો અને કહ્યું હતું કે તેમણે આવી કોઈ વિનંતી કરી નથી. આ આંતરરાષ્ટ્રીય ફજેતીના બરાબર એક દિવસ બાદ જ ટ્રમ્પે ફરી યુદ્ધનું રણશિંગું ફૂંક્યું છે. યુદ્ધવિરામ લાગુ થયા બાદથી ટ્રમ્પ અવારનવાર આવી ધમકીઓ આપી ચૂક્યા છે, પરંતુ ઈરાન પણ નમવા તૈયાર નથી.

વ્યૂહાત્મક અને આર્થિક વિશ્લેષકો ટ્રમ્પની આ નવી ધમકીને ગંભીરતાથી લેવા તૈયાર નથી અને તેને માત્ર 'હોટ એર' (માહોલ બનાવવા માટેની ખોખલી વાતો) ગણાવી રહ્યા છે.

એસઈબી એબીના ચીફ કોમોડિટી એનાલિસ્ટ બ્યાર્ન શિએલ્ડ્રોપે જણાવ્યું કે, 'શરૂઆતમાં ટ્રમ્પના આવા નિવેદનોથી આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવોમાં ભારે ઉથલપાથલ થતી હતી.

પરંતુ વારંવાર ધમકીઓ આપીને પાછા હટી જવાની તેમની આદતને હવે બજાર સમજી ચૂક્યું છે. જ્યાં સુધી જમીન પર કોઈ વાસ્તવિક એક્શન નહી થાય, ત્યાં સુધી આ મૌખિક ચેતવણીઓની અસર ઓછી થતી જશે. હાલ બંને પક્ષો પોતાની જૂની શરતો પર અડેલા છે.

# એક માસમાં વ્યાપાર ખાધ ૨૦.૭ બીલીયન ડોલર વધી

**હવે લકઝરી અને બિનજરૂરી આયાત પર પ્રતિબંધ લાગુ કરશે સરકાર**

**નવી દિલ્હી,તા.૨૦**

ઈરાન યુદ્ધના કારણે દેશમાં સર્જાયેલી કટોકટીમાં હવે એક તરફ ઈંધણ કરકસર અને સોનાની આયાત પર નિયંત્રણ જેવા પગલાથી સરકાર વિદેશી હુંડીયામણ બચાવવા માટે પ્રયાસ કરી રહી છે.

જો કે હજું યુદ્ધ અંગે કોઈ આખરી જવાબ નથી મળતો અને ક્રુડતેલ સતત મોંઘુ બની રહ્યું છે. રૂપિયો પણ નવી નીચી સપાટી પર ગગડે છે તેની ચાલુ ખાતા- વ્યાપાર ખાધ વધતી જતા સરકાર દેશમાં બિન આવશ્યક આયાતને ઘટાડવા આગળ વધી હોય છે.

સરકારની વ્યાપાર ખાધ હવે માર્ચમાં ૨૦.૭ બિલિયન ડોલર હતી તે વધીને ૨૮.૪ બીલીયન ડોલર થઈ છે અને રૂપિયો પણ ૯૭ની સપાટી નજીક છે તેમાં સરકારે એક તાકીદની બેઠક બોલાવી છે.જેમાં આયાત બિલ વધારતી બિનજરૂરી આયાતોની યાદી તૈયાર કરી તેમાં નિયંત્રણો મુકશે. ખાસ કરીને લકઝરી આયાતો તેમાં સામેલ થશે. વ્યાપાર ઉદ્યોગને કાચામાલ કે નિર્ણયમાં કોઈ પ્રશ્ન ન સર્જાય તે પણ સરકાર નિશ્ચિત કરશે.

એક તરફ ભારત એક બાદ એક દેશો સાથે ફ્રી-ટ્રેડ કરાર કરી રહ્યો છે તે સમયે આ પ્રકારના નિયંત્રણ કેટલા સ્વીકાર્ય બનશે તે પણ પ્રશ્ન છે. સરકારે વ્યાપાર સહિતના મંત્રાલયને આ પ્રકારની આયાતની યાદી તૈયાર કરવા જણાવ્યુ છે.

# ઈટાલીમાં એક જ મોટર કારમાં ફરતા મોદી-મેલોની

**ઈટાલીના પ્રવાસે ગયેલા વડા પ્રધાને મેલોનીને 'મેલોડી' ગિફ્ટ કરી**

**રોમ,તા.૨૦**

પીએમ મોદીએ ઈટાલીના પીએમ જ્યોર્જિયા મેલોનીને 'મેલોડી' ટોફી ગિફ્ટ કરી છે. PM મેલોનીએ એક્સ પર આ વીડિયો પોસ્ટ કરીને લખ્યું- "વડાપ્રધાન મોદી મારા માટે ગિફ્ટમાં ખૂબ જ સરસ ટોફી લઈને આવ્યા- મેલોડી. ગિફ્ટ માટે થૈંક્યુ"

આ પહેલા PM મોદી પોતાના પાંચ દેશોના પ્રવાસના અંતિમ તબક્કામાં મંગળવારે ઈટાલી પહોંચ્યા. ત્યાં PM મેલોનીએ તેમનું સ્વાગત કર્યું. બંને નેતાઓએ રોમના રસ્તાઓ પર સાથે કાર રાઈડ કરી અને આશરે ૨૦૦૦ વર્ષ જૂના ઐતિહાસિક કોલોસિયમની મુલાકાત પણ લીધી.

અગાઉ બંને નેતાઓએ સાથે ડિનર પણ લીધું હતું અને અનેક મહત્ત્વના મુદ્દાઓ પર અનૌપચારિક વાતચીત કરી હતી. મેલોનીએ મોદી સાથે સેલ્ફી શેર કરતા લખ્યું, "વેલકમ માય ફ્રેન્ડ." બંને નેતાઓની તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહી છે.

PM મોદીએ એક્સ પર મુલાકાતની તસવીર પોસ્ટ કરીને લખ્યું કે આજે થનારી ઔપચારિક વાતચીતમાં ભારત-ઈટાલી

અનુસંધાન પાના ૭ પર

# કોકરોચ જનતા પાર્ટીમાં ત્રણ દિવસમાં ૩૦ લાખ સભ્યો જોડાયા

## બેરોજગાર યુવકોનો અવાજ સોશિયલ મીડિયા પર છવાયો

**નવી દિલ્હી,તા.૨૦**

નવી દિલ્હી : 'કોકરોચ જનતા પાર્ટી' નામની એક વ્યંગાત્મક ડિજિટલ રાજકીય ચળવળ હાલમાં સમગ્ર દેશમાં સોશિયલ મીડિયા પર ભારે ચર્ચાનો વિષય બની છે. બેરોજગાર યુવાનો અંગે થયેલી એક વિવાદાસ્પદ ટિપ્પણી બાદ શરૂ થયેલી આ ચળવળે માત્ર ત્રણ દિવસમાં ૩૦ લાખથી વધુ સભ્યો જોડાયા હોવાનો દાવો કર્યો છે. પાર્ટી પોતાને આળસુ અને બેરોજગાર યુવાનોનો અવાજ તરીકે રજૂ કરી રહી છે અને મૈં ભી કોકરોચ જેવા સૂત્રો સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ બની ગયા છે.

અહેવાલો મુજબ, ૧૫ મે દરમિયાન સુપ્રીમ કોર્ટમાં નકલી ડિગ્રી સંબંધિત સુનાવણી વખતે મુખ્ય ન્યાયાધીશ સુર્યકાંતે કેટલીક બેરોજગાર યુવાપેઢી અંગે કોકરોચ શબ્દનો ઉપયોગ કર્યો હોવાનો દાવો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ત્યારબાદ અનેક યુવાનોમાં અસંતોષ ફાટી નીકળ્યો અને વિરોધના સ્વરૂપે 'કોકરોચ જનતા પાર્ટી' નામનું ઑનલાઈન અભિયાન શરૂ થયું. જોકે બાદમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે ટિપ્પણી સમગ્ર યુવા વર્ગ માટે નહોતી, પરંતુ સોશિયલ મીડિયા પર તેની ભારે પ્રતિક્રિયા જોવા મળી હતી.

આ ચળવળના સ્થાપક તરીકે અભિજીત ડિપકેનું નામ સામે આવ્યું છે. તેઓ અગાઉ આમ આદમી પાર્ટીના સોશિયલ મીડિયા સાથે જોડાયેલા હોવાનું જણાવાયું છે અને હાલમાં બોસ્ટન યુનિવર્સિટીમાં પબ્લિક રિલેશન્સના વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરી રહ્યા છે. જણાવ્યા અનુસાર, ૧૬ મેના રોજ તેમણે પાર્ટીનું સોશિયલ મીડિયા એકાઉન્ટ શરૂ કર્યું, વેબસાઈટ લોન્ચ કરી, સૂત્ર તૈયાર કર્યું અને સભ્ય નોંધણી શરૂ કરી હતી. થોડા જ કલાકોમાં હજારો લોકો આ અભિયાન સાથે જોડાતા ગયા હતા.

'કોકરોચ જનતા પાર્ટી'ની વેબસાઈટ પર પાર્ટીને યુવાનો દ્વારા, યુવાનો માટે તરીકે વર્ણવવામાં આવી છે. પાર્ટીએ પાંચ મુદ્દાવાળું મેનિફેસ્ટો પણ જાહેર કર્યું હોવાનું જણાવાયું છે, જેમાં બેરોજગારી, પરીક્ષા પેપર લીક, યુવાનો માટે રોજગાર, સંસ્થાગત જવાબદારી અને પારદર્શિતા જેવા મુદ્દાઓને સ્થાન આપવામાં આવ્યું છે. પાર્ટીનું કહેવું છે કે યુવાનોને વારંવાર

અનુસંધાન પાના ૭ પર

# દક્ષિણ જાપાનમાં ૫.૯ની તિવ્રતા ધરાવતો ભૂકંપ

**શક્તિશાળી ભૂકંપ બાદ અનેક આફટર શોક**

**ટોકિયો,તા.૨૦**

ભૂકંપના સૌથી સંવેદનશીલ ક્ષેત્રમાં આવેલા જાપાનમાં આજે સવારે દક્ષિણના ક્ષેત્ર કોગોશીયામાં ૫.૯ની તિવ્રતાના ભૂકંપ અને અનેક આફટર શોક આવ્યા હતા. જેના કારણે લોકોમાં ગભરાટ સર્જાઈ ગયો હતો.

જો કે કોઈ જાનહાની થઈ નથી. પરંતુ લોકો ગભરાટના કારણે ખુલ્લામાં દોડી આવ્યા હતા. દક્ષિણ ક્ષેત્રમાં આવેલા કાગોશિયા અને ઓકીનાવામાં આ ભૂકંપની અસર જોવા મળી હતી. ભૂકંપનું ભૂમિબિન્દુ ઓકીનાવાના મુખ્ય ટાપુ પર હતુ પણ સુનામીનો કોઈ ખતરો નથી.

અમેરિકી ભૂકંપ આવક કચેરીના અહેવાલ મુજબ ભૂકંપનું ભૂમિબિન્દુ જમીનમાં ૪૯ કી.મી. અંદર હતું તેથી તેની તિવ્રતા ઘટી હતી. કાગોશીયા અને તેની આસપાસના ક્ષેત્રો ભૂકંપ માટે જાણીતા છે.

# જી-૭ સમીટ માટે ફ્રાન્સ દ્વારા વડાપ્રધાન મોદીને આમંત્રણ

**૧૫ જૂનથી યોજાનારી સમિટમાં મોદી-ટ્રમ્પ મળશે**

**નવી દિલ્હી,તા.૨૦**

નવી દિલ્હીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે આવતા મહિને મુલાકાત થઈ શકે છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ ફ્રાન?સમાં યોજાનારી ૪૭ સમિટ (શિખર સંમેલન)માં ભાગ લેવાના છે. ૧૫ થી ૧૭ જૂન દરમિયાન યોજાનારી આ બેઠક ફ્રાન્સના એવિયન-લેસ-બેન્સમાં યોજાશે. ફ્રાન?સના રાષ્ટ્રપતિ મેક્રોને પીએમ મોદીને આ ૪૭ સમિટમાં આવવા માટે આમંત્રણ આપ્યું છે.

૧૬ મહિના કરતાં પણ વધુ સમયગાળામાં આ પ્રથમ વખત બનશે જ્યારે પીએમ મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ સામસામે મુલાકાત કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૪૭ સમિટ (શિખર સંમેલન)માં ભાગ લેવા માટે ફ્રાન્સની મુલાકાતે જવાના છે. એજન્સીના જણાવ્યા અનુસાર, આ સમિટ ૧૫ થી ૧૭ જૂન દરમિયાન યોજાવાની છે.

આ મુલાકાત અંગે ગત દિવસોમાં પુષ્ટિ કરતા ફ્રાન્સના વિદેશ મંત્રાલયે એક નિવેદન બહાર પાડ્યું હતું. આ નિવેદનમાં વિદેશ મંત્રી એસ. જયશંકર અને ફ્રાન્સના યુરોપ અને વિદેશી બાબતોના મંત્રી જીન-નોએલ વચ્ચે થયેલી વાતચીતની મુખ્ય વિગતો આપવામાં આવી હતી. આ વાતચીત ફ્રાન્સના 'એબે ડે વો-દ-સેરને' (Abbaye des Vaux-de-Cernay) ખાતે યોજાયેલી ૪૭ વિદેશ મંત્રીઓની બેઠક દરમિયાન થઈ હતી.

ફ્રાન્સના સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "બંને મંત્રીઓએ એ વાતને આવકારી છે કે વડાપ્રધાન મોદીએ એવિયન (Evian) શિખર સંમેલનમાં પોતાની ભાગીદારીની પુષ્ટિ કરી દીધી છે. આ બાબતને ધ્યાનમાં રાખતા, બંને મંત્રીઓએ G7

અનુસંધાન પાના ૭ પર

# ડ્રોન વડે એટેક કરી શકાય તેવી મિસાઈલનું સફળ પરિક્ષણ

**ટેન્ક, હેલિકોપ્ટર અને બીજા ડ્રોનને નિશાન બનાવી શકશે, DRDOએ સ્વદેશી કંપનીઓ સાથે મળીને વિકસાવી નવી ટેકનોલોજી**

**નવી દિલ્હી,તા.૨૦**

ભારતની ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) એ ડ્રોનથી છોડવામાં આવતી મિસાઈલનું પરીક્ષણ પૂર્ણ કરી લીધું છે. આ મિસાઈલનું નામ ULPGM-V3 છે. આ હવાથી હવા અને હવાથી જમીન બંને પ્રકારના લક્ષ્યો પર સચોટ હુમલો કરી શકે છે.

આ હવામાં દુશ્મનના હેલિકોપ્ટર, ડ્રોન અને અન્ય હવાઈ લક્ષ્યોને તોડી શકે છે. જ્યારે જમીન પર ટેન્ક, સૈન્ય વાહન અને બંકરને નિશાન બનાવી શકે છે.રક્ષા મંત્રાલય અનુસાર, મિસાઈલનું પરીક્ષણ આંધ્રપ્રદેશના કુર્નૂલ સ્થિત DRDO ટેસ્ટ રેન્જમાં કરવામાં આવ્યું. તેમાં ઈન્ટિગ્રેટેડ ગ્રાઉન્ડ કંટ્રોલ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો, જે લોન્ચ અને કમાન્ડ સિસ્ટમને નિયંત્રિત કરે છે.રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે આ મિસાઈલ બનાવવામાં મળેલી સફળતા રક્ષા ક્ષેત્રમાં આત્મનિર્ભરતાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

# કેમિસ્ટોની દેશવ્યાપી હડતાળ ગુજરાતમાં પણ મેડીકલ સ્ટોર બંધ

## હડતાળને પગલે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના મેડીકલ સ્ટોર બંધ

**ગાંધીનગર,તા.૨૦**

દવાઓનું ઓનલાઈન વેચાણ અને ડુપ્લીકેટ દવાઓના વેચાણથી જનઆરોગ્ય સામે ખતરો થતા આજે દેશવ્યાપી કેમિસ્ટોની હડતાલમાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના ૬૦ હજાર કેમિસ્ટોએ સમથ ર્ન આપી વહેલી સવારથી મેડિકલ સ્ટોર બંધ રાખી ઈ-ફાર્મસીમાં વિરોધમાં ધરણા-સુત્રોચ્ચાર, રેલી, દેખાવો યોજી હડતાલ પાડી હતી. કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસો. દ્વારા આજે દવા બજાર બંધ રાખવામાં આવી હતી.

રાજકોટ ખાતે મેડીકલ એસો.ના એલાન મુજબ આજે સવારે મોટી ટાંકી ચોક ખાતે મોટી સંખ્યામાં દવાઓના વેપારીઓએ એકત્ર થઈ ધરણા-સુત્રોચ્ચાર, બેનર સાથે વિરોધ પ્રદર્શન યોજી દેશ વ્યાપી લડતને જબરૂ સમર્થન પુરૂ પાડયું હતું.

કેમીસ્ટ એસો.ના પ્રમુખ મયુરસિંહ જાડેજા, માનદ મંત્રી અનિમેષભાઈ દેસાઈની આગેવાનીમાં ૧૬૦૦ જેટલા દવાઓના વેપારીઓ મેડીકલ સ્ટોર બંધ રાખી હડતાલને સફળ બનાવી હતી.

કેન્દ્ર સરકાર દ્વારા ઓનલાઈન દવા વેચાણને મંજૂરી મળ્યા બાદ અનેક બિનનિયમિત પ્લેટફોર્મ દ્વારા નિયમોના ભંગ સાથે દવાઓનું વેચાણ થઈ રહ્યું છે. જેના કારણે ડોક્ટરની યોગ્ય પ્રિસ્ક્રિપ્શન વગર દવાઓ મળવાની શક્યતા, દર્દીઓની ગોપનીય માહિતીનો દુરુપયોગ તેમજ સમયસીમા પૂર્ણ થયેલી કે નકલી દવાઓના વેચાણનો ભય વધી રહ્યો હોવાનું એસોસિએશને જણાવ્યું છે. આથી GSR 817(E)ને પાછું ખેંચી કડક નિયંત્રણ લાદવાની માંગ કરવામાં આવી છે.

તેમજ GSR 220(E)

અનુસંધાન પાના ૭ પર

# અધિકારીઓ-કર્મચારીઓ માટે ગુજરાત સરકારની માર્ગદર્શિકા

**અધિકારીઓના વિદેશ - જીલ્લા બહાર પ્રવાસ પર પ્રતિબંધ**

**ગાંધીનગર, તા.૨૦**

મધ્ય પૂર્વના યુધ્ધને કારણે પેટ્રોલીયમ સહિતના મોરચે સજાૅય રહેલા સંકટને પવલે એલર્ટ બનેલી સરકાર દ્વારા વહિવટી કરકસર શરૂ કરવામાં આવી છે. નાગરિકોને વિદેશ પ્રવાસથી માંડીને સોનાની ખરીદીથી દુર રહેવા સહિતના સૂચનોની સાથોસાથ નેતાઓ-અધિકારીઓને બીન જરૂરી ખર્ચ રોકવા કહેવાયું છે. કેન્દ્ર બાદ રાજ્ય સરકારે પણ અધિકારીઓ-કર્મચારીઓ માટે માર્ગદર્શિકા જારી કરીને બીજા જીલ્લાના પ્રવાસ ટાળવા સહિતની સુચનાઓ આપવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ બાદ ગુજરાત સરકારે સરકારી કચેરીઓને ઈંધણ બચાવવા આદેશ કર્યો છે. જે અંગે રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સરકારી કચેરીઓ માટે એક મહત્વનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

આ નવા નિયમો અંતર્ગત સરકારી અધિકારીઓ માટે અનિવાર્ય સંજોગો સિવાય વિદેશ પ્રવાસ અને જિલ્લા બહારની મુસાફરી કરવા પર પ્રતિબંધ મુકાયો છે, તેમજ બેઠકો માટે વીડિયો કોન્ફરન્સિંગ અને ઓનલાઈન માધ્યમોનો મહત્તમ ઉપયોગ કરવા સૂચના અપાઈ છે.

ઈંધણની બચત માટે એકથી વધુ ચાર્જ સંભાળતા અધિકારીઓએ વધારાના વાહનો 'સરકારી વાહન પુલ'માં જમા કરાવવા પડશે અને ઉપલબ્ધ હોય ત્યાં ઈલેક્ટ્રિક વાહનો કે જાહેર પરિવહનનો જ આગ્રહ

અનુસંધાન પાના ૭ પર

# બંગાળમાં OBC અનામત ૧૭% થી ઘટીને ૭% થયું

## મમતા સરકારની OBC-A અને OBC-B ની વ્યવસ્થા સમાપ્ત કરતા સુવેન્દુ અધિકારી

**કોલકાતા,તા.૨૦**

પશ્ચિમ બંગાળ સરકારે OBC અનામત વ્યવસ્થામાં ફેરફાર કર્યો છે. રાજ્યમાં OBC અનામત ૧૭% થી ઘટાડીને ૭% કરી દેવામાં આવ્યું છે. નવી યાદી મુજબ હવે માત્ર ૬૬ જાતિઓ OBC અનામતના દાયરામાં રહેશે. ધર્મ આધારિત વર્ગીકરણની વ્યવસ્થા પણ સમાપ્ત કરી દેવામાં આવી છે.

સરકારનું કહેવું છે કે આ નિર્ણય કલકત્તા હાઈકોર્ટના ૨૦૨૪ના આદેશના આધારે લેવામાં આવ્યો છે. કોર્ટે ૨૦૧૦ થી ૨૦૧૨ ની વચ્ચે OBC યાદીમાં ૭૭ વધારાની જાતિઓને જોડવાની પ્રક્રિયાને ગેરકાયદેસર અને ગેરબંધારણીય ગણાવી હતી.

જોકે, ૨૦૧૦ પહેલા OBC કેટેગરીમાં સામેલ જાતિઓનો દરજ્જો યથાવત રહેશે. આ ક્વોટા દ્વારા અગાઉ નોકરી મેળવી ચૂકેલા લોકોની નિમણૂકો પર પણ અસર નહી પડે.

આ નિર્ણય સાથે મમતા બેનર્જી સરકારના સમયમાં લાગુ OBC-A અને OBC-B વ્યવસ્થા સમાપ્ત થઈ ગઈ છે. મમતા સરકારે OBC અનામતને બે કેટેગરીમાં વહેંચ્યું હતું. OBC-A ને ૧૦% અને OBC-B ને ૭% અનામત મળી રહ્યું હતું. આ દરમિયાન ઘણી નવી



જાતિઓ પણ ઉમેરવામાં આવી હતી.

તેના વિરુદ્ધ ૨૦૨૪માં કલકત્તા હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો. કોર્ટના ચુકાદાથી ૨૦૧૦ પછી જાહેર કરાયેલા લગભગ ૧૨ લાખ OBC પ્રમાણપત્રો રદ થઈ ગયા હતા.

નવી યાદીમાં કપાલી, કુર્મી, સુધ્રાધાર, કર્મકાર, સૂત્રધાર, સુવર્ણકાર, નાઈ, તાંતી, ધનુક, કસાઈ, ખંડાયત, તુરહા, દેવાંગ અને ગોઆલા જેવી જાતિઓનો સમાવેશ થાય છે. પહાડિયા, હજ્જામ અને ચૌધુલી જેવા ત્રણ મુસ્લિમ સમુદાયો પણ આ યાદીમાં છે.

રાજ્ય મંત્રી અગ્નિમિત્રા પોલે કેબિનેટ બેઠક પછી કહ્યું કે સરકાર OBC માળખાની નવી સમીક્ષા કરશે. આ માટે તપાસ સમિતિ બનાવવામાં આવશે. જે સમુદાયોની ઓળખ હાઈકોર્ટે સ્પષ્ટ કરી છે, તેમના પર પહેલા વિચારણા થશે. સમીક્ષા પછી જરૂર પડ્યે કેટલાક સમુદાયોને કાનૂની પ્રક્રિયા હેઠળ ફરીથી યાદીમાં સામેલ કરી શકાય છે.

બંગાળ કેબિનેટે રાજ્ય સરકારની નોકરીઓ માટે મહત્તમ વય મર્યાદા ૫ વર્ષ વધારવાનો નિર્ણય લીધો. નવી વ્યવસ્થા હેઠળ ગ્રુપ છ પદો માટે વય મર્યાદા ૪૧ વર્ષ, ગ્રુપ B માટે ૪૪ વર્ષ અને ગ્રુપ C-D માટે ૪૫ વર્ષ કરવામાં આવી છે. આ નિયમ ૧૧ મેથી લાગુ પડશે. SC, ST, OBC અને દિવ્યાંગ ઉમેદવારોને મળતી વધારાની વય છૂટ પહેલાની જેમ ચાલુ રહેશે.



# વયસ્ક અનાવિલ સંગઠન દ્વારા વિવિધ સ્પર્ધા યોજાઈ

## વિવિધ સ્પર્ધામાં ૯૦ ભાઈ-બહેનોએ લાભ લીધો

સુરત, તા.૨૦

શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળ પ્રેરિત વયસ્ક અનાવિલ સંગઠન, સુરત શહેર દ્વારા તા.૧૮.૫.૨૬ અને તા.૧૯.૫.૨૬ ના રોજ " વયસ્ક અનાવિલ ઈન્ડોર ગેમ્સ સ્પર્ધા " ( કેરમ, ચેસ અને ટેબલ ટેનિસ ) નું આયોજન દયાળજી આશ્રમ, મજૂરાગેટ, સુરત ખાતે રાખવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો શુભારંભ શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળના મંત્રીશ્રી ધર્મેશભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યો હતો અને સ્પર્ધાની સફળતા માટે શુભકામના પાઠવી હતી.

આ સ્પર્ધાની વિવિધ રમતોમાં ૭૦ ભાઈઓ અને ૨૦ બહેનો સહિત કુલ ૯૦ સભ્યશ્રીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાને અંતે નીચે જણાવેલ સભ્યશ્રીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

કેરમ સ્પર્ધામાં મહિલા વિજેતામાં પ્રથમ વિજેતા : તૃપ્તિ નાયક , દ્વિતિય વિજેતા : હીના દેસાઈ , તૃતીય વિજેતા : મૃદુલા દેસાઈ, કેરમ વિજેતા ભાઈઓ પ્રથમ વિજેતા : દિપક.પી.દેસાઈ , દ્વિતિય વિજેતા : રાજન દેસાઈ , તૃતીય વિજેતા : શીરીષ.એ.દેસાઈ, ટેબલ ટેનિસ. : પ્રથમ વિજેતા : પંકજ.આર.દેસાઈ, દ્વિતિય વિજેતા : રાજેન્દ્ર નાયક , તૃતીય વિજેતા : કૌશિક નાયક ચેસ : પ્રથમ વિજેતા : ચેતન.આઈ.દેસાઇ ,દ્વિતિય વિજેતા : હેમંત.એમ.દેસાઇ , તૃતીય વિજેતા : ભરત.બી.દેસાઇ , સ્પર્ધામાં કેરમ ટુર્નામેન્ટના રેફરી તરીકે રાજુભાઈ ગજ્જર, દિપક દેસાઈ, સંજય ઉપાધ્યાય, શીરીષ દેસાઈ, વિજય દેસાઈ , અસ્પી શ્રોફ તેમજ ટેબલ ટેનિસમાં ધ્રુવી પાઠક, કિરીટ મસરાની અને ચેસમાં નિકુંજ દેસાઈ અને રચીત જરીવાલા એ સેવા આપી હતી.સ્પર્ધાને સફળ બનાવવામાં વયસ્ક અનાવિલ સંગઠન, સુરત શહેરના હોદ્દેદારો અને વ્યવસ્થાપક સમિતિએ ભારે જહેમત ઉઠાવી હતી.

# વડોદરા સ્ટેશન પર યાર્ડ રિમોડેલિંગનું કામ શરૂ કરાયું

## યાર્ડમાં કામગીરીના કારણે કેટલીક ટ્રેનો અસરગ્રસ્ત

સુરત, તા.૨૦

પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગ હેઠળ, ટ્રાફિક અને પાવર બ્લોકના ભાગ રૂપે વડોદરા સ્ટેશન યાર્ડ પર ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (EI) સિસ્ટમના કમિશનિંગ સાથે યાર્ડ રિમોડેલિંગનું કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. ૧૬ મે, ૨૦૨૬ ના રોજ શરૂ થયેલા આ કાર્યમાં ટેમ્પરરી વર્કિંગ ઓર્ડર્સ (TWO) અને નોન-ઈન્ટરલોકિંગ (NI) કામગીરીનો અમલ શામેલ છે. મુસાફરોની સુવિધા અને સલામત ટ્રેન કામગીરી સુનિશ્ચિત કરવા માટે, ચોક્કસ ટ્રેનોના ટર્મિનેશન અને ઓરિજિનેશનને અસ્થાયી રૂપે વિશ્વામિત્રી (VS), બાજવા (BJW), છાયાપુરી (CYI) અને મકરપુરા (MPR) સ્ટેશનો પર ખસેડવામાં આવશે.પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી મુજબ, આ પ્રોજેક્ટના ભાગ રૂપે, ૨૧ મે, ૨૦૨૬ થી ૨૦ જૂન, ૨૦૨૬ સુધી વડોદરા સ્ટેશન પર ટ્રાફિક અને પાવર બ્લોક લાગુ કરવામાં આવશે; પરિણામે, કેટલીક ટ્રેનોને અસર થશે.આ મહત્વપૂર્ણ માળખાગત કાર્યને કારણે, કેટલીક ટ્રેનોને ટૂંકા ટર્મિનેશન અથવા ટૂંકા ઓરિજિનેશનમાંથી પસાર થવું પડશે.



# કડોદરા નગર પાલિકાના પ્રમુખ તરીકે રામભાઈ ચોસલા ચૂંટાયા

## ઉપપ્રમુખ તરીકે અમીષાબેન મૈસુરીયા વરાયા

સુરત, તા.૨૦

કડોદરા તારીખ ૨૦ કડોદરા-ચલથાણ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી બાદ આજે પાલિકાના ઓડિટોરિયમ ખાતે નવી બોડીની પ્રથમ સામાન્ય સભા યોજાઈ હતી ચૂંટણીમાં ભાજપ વિજેતાઓની નગરપાલિકાના વિવિધ હોદ્દેદારો ની વરણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી સભામાં ભાજપ સંગઠનના ઉપપ્રમુખ ભાવેશભાઈ પટેલ પક્ષ તરફથી સત્તાવાર મેન્ડેડ લઈને ઉપસ્થિત રહ્યા હતા પક્ષ દ્વારા નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખ કારોબારી અધ્યક્ષ શાસક પક્ષના નેતા તથા દંડક સહિત ના વિવિધ હોદ્દાઓ માટે નામો જાહેર કરવામાં આવ્યા હતા પક્ષના મેન્ડેડ મુજબ કડોદરા-ચલથાણ નગરપાલિકાના પ્રથમ અઢી વર્ષ માટે પ્રમુખ પદે રામભાઈ નારણભાઈ ચોસલા ની વરણી કરવામાં આવી હતી જ્યારે ઉપપ્રમુખ પદે અનિષાબેન ધર્મેશભાઈ મૈસુરિયા બિન હરીફ ચૂંટાઈ આવ્યા હતા પ્રાંત અધિકારી વી કે પીપલીયા ની હાજરીમાં પ્રમુખ અને ઉપપ્રમુખ ની ચૂંટણી પ્રક્રિયા વિધિવત રીતે પૂર્ણ કરવામાં આવી હતી આ ઉપરાંત કારોબારી અધ્યક્ષ તરીકે સંજયભાઈ શર્મા દંડક તરીકે દીપકભાઈ કુમાવત તથા શાસક પક્ષના નેતા તરીકે અનિલ કુમાર સિંહની વરણી કરવામાં આવી હતી સભા દરમિયાન નવી ટીમને શુભેચ્છાઓ પાઠવતા આગેવાનોએ નગરના વિકાસ કાર્યોને ગતિ આપવા સુવિધાઓમાં વધારો કરવા તથા પ્રજાકીય પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે પ્રતિબદ્ધ તા વ્યક્ત કરી હતી આ પ્રસંગે કરોદરા-ચલથાણ નગર સંગઠન પ્રમુખ કિરણભાઈ પરમાર ઉપપ્રમુખ સહિત ભાજપ ના અગ્રાણીઓ કાર્યકરો અને મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે નવા હોદ્દેદારોનું ફૂલહાર અને શુભેચ્છા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું



# મેલેરિયા રોકવા ભેજનું પ્રમાણ જાણવા માટે એઆઈનો ઉપયોગ



## મેલેરિયા નિયંત્રણ વિભાગની કામગીરીથી સમીક્ષા કરતા કમિશનર

સુરત, તા.૨૦

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ (NIH) દ્વારા ૪૪ સુરત શહેરના હવામાનમાં રહેલ ભેજના સંદર્ભમાં શહેરી મેલેરિયા ટ્રાન્સમીશન માટે થર્મલ સ્યુટેબિલીટી રિડીફાઇનીંગ૪૪ નામના પ્રોજેક્ટની કાર્યપ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે વાર્ષિક સમીક્ષા બેઠક આજ રોજ તા.૧૯/૦૫/૨૦૨૬ના રોજ સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ.

કમિશ્નરશ્રી દ્વારા પોતાના પ્રવચનમાં મેલેરિયા ટ્રાન્સમિશન માટે કોઈપણ શહેરના શહેરીકરણમાં આ પ્રોજેક્ટના મહત્વનો ઉલ્લેખ કરવામાં આવેલ તેમજ કૃત્રિમ બુધ્ધીમત્તા (AI) સાથે CC હાઈપર લોકલ કલાયમેટ રીસ્ક એસેસમેન્ટ CC પર પ્રકાશ પાડવામાં આવેલ હતો. સદર પ્રોજેકટનાં ઉપક્રમે કોર્નેલ યુનિવર્સિટી,યુ.એસ.એ.,ઈન્ડીયન કાઉન્સીલ ઓફ મેડીકલ રિસર્ચ-નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેલેરિયા રિસર્ચ (ICMR-NIMRf,સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન(SMC),અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન (AMC), ઓકલાહોમા યુનિર્વસીટી,યુ.એસ.એ.,ન્યૂ યોર્ક યુનિર્વસીટી,યુ.એસ.એ.વન હેલ્થ ટ્રસ્ટના સહયોગી હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ છે. આ પ્રોજેકટના ઉદ્દેશ્ય તથા પરિણામ નીચે મુજબ છે. ઉદ્દેશ્યઃ આ પ્રોજેક્ટનો હેતુ આબોહવા અને શહેરી વાતાવરણ મેલેરિયા ટ્રાન્સમિશનને કેવી રીતે પ્રભાવિત કરે છે તેની સમજ,સુધારવાનો અને શહેરી વિસ્તારોમાં મેલેરિયાનું જોખમ ક્યારે અને ક્યાં વધે છે તેની આગાહી કરવા માટે વધુ સારા સાધનો

અનુસંધાન પાના ૭ પર

# સ્નેહ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જાતિપ્રમાણપત્ર કેમ્પ યોજાયો

સુરત, તા.૨૦

સ્નેહ ચેરીટેબલ ટ્રસ્ટ તથા ક્રાંતિકારી યુવક મંડળ અને નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી સુરતના સયુંક્ત ઉપક્રમે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ની સરળતા માટે જાતિ પ્રમાણપત્ર બનાવવાના કેમ્પ નું આયોજન તા. ૧૯/૦૫/૨૦૨૬ ને મંગળવાર ના રોજ સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ માં શાળા નંબર-૧૧૮ ગોટાલાવાડી ટેનામેન્ટ પાછળ કતારગામ સુરત ખાતે યોજાઈ ગયો, આ કેમ્પ માં ૧૦૦ થી વધુ લાભાર્થીઓ એ લાભ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા સ્નેહ ચેરીટેબલ ટ્રસ્ટ ના ચેરમેન ડો. સ્વાતિબેન સોસા, કિશોરભાઈ સોસા, મોહનભાઈ સોસા અને જયેશભાઈ સોસા એ ભારે જહેમત ઉઠાવી હતી અને કેમ્પ લોકો માટે ખુબ જ ઉપયોગી રહ્યો હતો.

# ઉન પાટીયા વિસ્તારમાં જાહેર સ્વચ્છતા અંગે ઉઠેલી માંગણી

## ધાર્મિક સ્થળો પાસે સ્વચ્છતા અભિયાન શરૂ કરવા રજૂઆત

સુરત, તા.૨૦

આગામી તા. ૨૮/૦૫/૨૦૨૬ ના રોજ ઉજવાનાર બકરી ઈદ પર્વને ધ્યાનમાં રાખી ઉન પાટિયા વિસ્તાર (વોર્ડ નં. ૨૮ અને ૩૦) ખાતે સ્વચ્છતા, વેસ્ટેજ નિકાલ તથા જાહેર આરોગ્ય વ્યવસ્થા અંગે સામાજિક કાર્યકર રોશન શેખ દ્વારા સુરત મહાનગર પાલિકા સમક્ષ વિગતવાર રજૂઆત કરવામાં આવી છે.

રજુઆતમાં જણાવાયું છે કે બકરી ઈદ દરમિયાન મોટી સંખ્યામાં લોકો મસ્જિદોમાં નમાઝ અદા કરવા જાય છે તેમજ ત્રણ દિવસ સુધી બલી / કુરબાનીનો કાર્યક્રમ ચાલતો હોય છે. જેના કારણે નીકળતા વેસ્ટેજ અવશેષો અને કચરાના યોગ્ય અને સમયસર નિકાલ માટે મહાનગર પાલિકા દ્વારા પૂર્વ આયોજન કરવું જરૂરી બને છે.

રજુઆતમાં ખાસ કરીને ઉન પાટિયા વિસ્તારની વિવિધ સોસાયટીઓમાં ડોર ટુ ડોર કચરા ગાડીઓની વ્યવસ્થા, વેસ્ટેજ અવશેષોના વૈજ્ઞાનિક નિકાલ માટે યોગ્ય સ્થળો નક્કી કરવા, જરૂરી જગ્યાઓ ઉપર ખાડાઓ ખોદવા તેમજ વિસ્તારના રહીશોને યોગ્ય માર્ગદર્શન અને જાણકારી પહોંચાડવાની માંગ કરવામાં આવી છે.

આ ઉપરાંત મસ્જિદો, કબ્રસ્તાનો તથા ધાર્મિક સ્થળોની આસપાસ વિશેષ સફાઈ અભિયાન અને જંતુનાશક દવાઓના છંટકાવની વ્યવસ્થા કરવા પણ રજૂઆત કરવામાં આવી છે. તહેવાર દરમિયાન સ્વચ્છતા અને જાહેર આરોગ્ય જળવાઈ રહે તે માટે ઉન પાટિયા વિસ્તારમાં

અનુસંધાન પાના ૭ પર

# રેડક્રોસના સહયોગથી વસુધરા ડેરીમાં રક્તદાન કેમ્પ યોજાયો

## ડેરીના એમડી વિજય કાપડીયાએ ૭મી વખત કર્યુ રક્તદાન



નવસારી, તા.૨૦

“વસુધરા ડેરી પરિવાર રક્તદાન પ્રવૃત્તિ સાથે છે.સદ્ગત મોંઘાભાઈ દેસાઈ અને નિવૃત્ત મેનેજિંગ ડિરેકટર નરેન્દ્રભાઈ વશી ના નેતૃત્વમાં દુધ ઉત્પાદકો-ગામડાના પિરવારો ને જરૂર પડે રકત મળી રહે એનું ચિંતન અને કાર્ય પણ થયું છે.રક્તદાન પ્રવૃત્તિનો સંદેશ ગામડાઓમાં પ્રસરાવવા પ્રા.જશુભાઇ નાયકે ઘણું કામ કર્યું છે.આજે પણ કરી રહયા છે એનો હું સાક્ષી છું.

રેડક્રોસ નવસારીએ આપણા વિભાગમાં રક્તદાન માનવતાનો યજ્ઞ શરૂ કર્યા-રાજય રેડક્રોસની યાદીમાં પણ મોખર છે એનો જશ રેડક્રોસ નવસારીનું ગઈકાલ અને આજના નેતૃત્વને આભારી છે.”આ શબ્દો સ્નેહ સેતુ ચેરીટેબલ ટ્રસ્ટ નવસારીના સહયોગથી વસુધરા ડેરીમાં યોજેલ રકતદાન શિબિર નું દિપપ્રાગટય અવસરે ચેરમેન શ્રી રાજેષભાઈ બી.પટેલે જણાવ્યા હતા. મેનેજિંગ ડિરેકટર શ્રી વિજયભાઈ કાપડિયાએ સૌ પ્રથમ રકતદાન કરી (સાતમી વખત) રક્તદાન શિબિરને મહેકતો કર્યો હતો.ઉમેર્યું હતું કે ડેરીના કાર્યક્ષેત્રના ગામોની મંડળીને વધુ જાગૃત કરીશું અને વર્ષાન્તે બે રક્તદાન શિબિર યોજાય તે માટે પ્રયત્ન કરીશું સાથે આ ગામોમાં સીકલસેલ અને થેલેસેમીયા બાળકોના રક્તની ચકાસણી માટે નકકર પોગ્રામને અમલમાં મુકવાનું વિચારીશું.પ્રા.જશુભાઇ નાયકે વસુધરા ડેરી ૧૯૭૦ વર્ષમાં સ્થાપના દિવસોના સ્મરણો-કાર્યક્રમને આપેલો ઓપ વગેરે રજુ કર્યા હતા.ડેરીના કર્મઠ અધિકારી શ્રી સુરેશ દેસાઈ એ વસુધારા ના ઉપક્રમે દુધ ઉત્પાદન સાથે સામાજિક ઉત્તરદાયિત્વ ના થતા કામો જણાવી ગામડે ગામડે દર્દી માટે રક્ત માંગની ચીસ પડે ત્યારે થતા અનુભવો રેડક્રોસ તરફથી થતી મદદ સંવેદના રજૂ કરી હતી.

શ્રીમતિ ચેતનાબેન બીરલાએ સદ્ગત વ્હાલી દિકરી શ્વેતા-(થેલેસેમિયા)માટે અપાયેલું રકત એ સામાજિક ઉત્તરદાયિત્વ માટે છેલ્લા દસ વર્ષથી દર વર્ષ એક હજાર રકતબેગ માટે પ્રગટી રહેલા યજ્ઞની વિગતો રજુ કરી રૂણસ્વીકાર કર્યો હતો.આ શિબિરમાં વસુધરા લેબ-કર્મચારી હિતેશ ટી.પટેલ-મોટી વાલઝરે ૭૦ મી વખત રકતદાન કર્યું હતું.તમામ રકતદાતાઓને આકર્ષક ભેટ એનાયત થઈ હતી.



# સ્મીમેર હોસ્પિટલ ખાતે ‘હાર્ટ હેલ્થ મહોત્સવ’

## સ્કેનર દ્વારા દર્દીઓને ૯ ભાષાઓમાં હાર્ટ સંબંધિત રોગોની માહિતી મળશે

સુરત, તા.૨૦

સ્મીમેર હોસ્પિટલ ખાતે ‘વિશ્વ હાયપરટેન્શન દિવસ’ નિમિતે ‘હાર્ટ હેલ્થ મહોત્સવ’ અંતર્ગત કાર્ડિયોલોજી વિભાગ દ્વારા ‘ડિજીટલ રંગોળી’ તૈયાર કરવામાં આવી હતી. ડૉ. વિપુલ શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ ટેકનોલોજી અને પરંપરાનું મિશ્રણ દર્શાવતી આ રંગોળીનો મુખ્ય ઉદ્દેશ વિશેષ સ્કેનર દ્વારા હાઈ બ્લડ પ્રેશર નિયંત્રણ, નિયમિત વ્યાયામ, યોગ, સાયકલિંગ અને સ્વસ્થ આહાર અંગે જનજાગૃતિ ફેલાવવાનો છે. ડિજીટલ રંગોળીમાં સમાવાયેલા વિશેષ સ્કેનર દ્વારા દર્દીઓ ૯ ભાષામાં હાર્ટ સંબંધિત રોગોની માહિતી મેળવી શકે તેવી સુવિધા પણ ઉભી કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે પ્રથમ દિવસે જ ૫૦૦થી વધુ લોકોએ સ્કેનર સ્કેન કરી યોગ્ય માહિતી મેળવી હતી. આજના તણાવયુક્ત જીવનમાં ખાસ હેલ્ધી હાર્ટ અંગે જાગૃતિ હેલાવવા બનાવાયેલી આ જાગૃતિમૂલક રંગોળી એક અઠવાડીયા સુધી હોસ્પિટલ પરિસરમાં અનેક લોકોને ઉપયોગી માહિતી મેળવવામાં મદદરૂપ થશે.

# મહુવા, અંબિકા તાલુકાના ગામોમાં પીવાના પાણી તેમજ રસ્તાઓની ખુટતી સુવિધાઓના અંગે સમીક્ષા

## જુની અને જર્જરીત ટાંકીઓ તોડી તેને સ્થાને નવી ટાંકીઓ બનાવવા સૂચના

સુરત, તા.૨૦

મહુવા વિધાનસભાના ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયાના અધ્યક્ષસ્થાને મહુવા, અંબિકા તાલુકા મથકે પીવાના પાણી તેમજ રસ્તાઓની ખુટતી સુવિધાઓના આયોજન અંગે તમામ વિકાસના કાર્યોની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠક મહુવા, અંબિકા તાલુકાઓના ગામના સરપંચો તથા મહુવા વિધાનસભામાં સમાવિષ્ટ બારડોલી તાલુકાના ગામોના સરપંચો, પદાધિકારીઓ તથા જે તે વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં ગામના સરપંચો દ્વારા પીવાના પાણી અંગે જુની ટાંકીઓના સ્થાને નવી બનાવવા તથા રસ્તાઓની મરામત તથા અન્ય ખુટતી સુવિધાઓના પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હતા. જે સંદર્ભે ધારાસભ્યશ્રી મોહનભાઈએ મહુવા અને અંબિકા તાલુકાઓમાં ઉનાળાની સિઝનમાં જલ સે નલ યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પુરવઠો નિયમિત મળી રહે તે માટે પાણી પુરવઠા વિભાગના અધિકારીઓને તાકીદ કરી હતી. ધારાસભ્યએ જે ગામોમાં પાણીની ટાંકીઓ જર્જરીત થઈ હોય તેને તોડીને નવી બનાવી પાઈપલાઈનોની મરામત કરીને પાણી પુરવઠો નિયમિત પહોચે તે માટે અધિકારીઓને

અનુસંધાન પાના ૭ પર







# આદિમજુથના લોકોને ઘર આંગણે વિવિધ સુવિધાઓ માટે કેમ્પ યોજાયો

## જનજાતિ ગરીમા ઉત્સવ-૨૦૨૬ જન ભાગીદારી-સબસે દૂર સબસે પાસ અભિયાન

સુરત, તા.૨૦

દેશના નાનામાં નાના અને છેવાડાના માણસને જીવન જરૂરિયાતની તમામ સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અવિરત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વંચિતોને વિકાસની અગ્રીમ હરોળમાં લાવવા અને આદિમજૂથની જાતિઓની ખૂટતી સુવિધાઓ પૂરી કરવા માટે ’પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન – પીએમ જનમન’ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકા ઉચવાણ ગામે આદિજાતિ અને આદિમજૂથ વસવાટ ધરાવતા વિસ્તારોમાં માટે જન ભાગીદારી-સબસે દૂર સબસે પાસ અભિયાન હેઠળ કેમ્પ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓએ હાજર રહીને કેમ્પનો લાભ લઈને સ્થળ પર વિવિધ યોજનાઓના લાભો મેળવ્યા હતા.

સુરત જિલ્લામાં વસતા આદિમજુથના લાભાર્થીઓ માટે "સબસે દુર,

અનુસંધાન પાના ૭ પર



# AIના જમાનામાં પણ આ દેશમાં નથી કોઈ મેટરનિટી વોર્ડ, ગર્ભવતી મહિલાઓને ડિલિવરી માટે જવું પડે છે બીજા દેશમાં!

હેડિંગ વાંચીને તમે પણ ચોંકી ઉઠ્યા અને હશો અને તમને પણ વિચાર તો ચોક્કસ થયો હશે કે આખરે આવું તે કઈ રીતે શક્ય છે? આ સિવાય આખરે આ દેશ કયો છે, આ પાછળનું કારણ શું છે, જો અહીંના લોકો બીમાર પડતાં હશે તો શું કરતાં હશે વગેરે વગેરે જેવા સેંકડો સવાલો પણ તમને સતાવી રહ્યા હશે. ચાલો આજે તમને તમારા આ તમામ સવાલોના જવાબ સ્ટોરીમાં આપી દઈએ...

સામાન્યપણે આપણા ઘરમાં જ્યારે પણ કોઈ બીમાર પડે ત્યારે આપણો સૌથી પહેલો વિચાર તેને વહેલી તકે હોસ્પિટલ પહોંચાડવાનો હોય છે. હોસ્પિટલ નજીક હોવી એ મેડિકલ ઈમરજન્સીમાં રાહત આપે છે. પરંતુ જરા વિચારો કે દુનિયામાં એક એવો પણ દેશ છે જ્યાં કોઈ હોસ્પિટલ જ નથી! એટલું જ નહીં, આ દેશમાં છેલ્લાં ૯૭ વર્ષથી એક પણ બાળકનો જન્મ થયો નથી. આ અનોખો દેશ એટલે 'વેટિકન સિટી' (Vatican City).

આજના આધુનિક યુગમાં જ્યાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને સ્પેસ ટેકનોલોજીની વાતો થાય છે, ત્યાં વેટિકન સિટીમાં એક પણ હોસ્પિટલ કે મેટરનિટી વોર્ડ નથી. ૧૧મી ફેબ્રુઆરી ૧૯૨૯ના રોજ અસ્તિત્વમાં આવેલો આ દેશ માત્ર ૧૧૮ એકરના વિસ્તારમાં ફેલાયેલો છે અને તેની ગણતરી દુનિયાના સૌથી નાના દેશ તરીકે કરવામાં આવે છે. હવે સ્વાભાવિક છે અહીં કોઈ મેટરનિટી વોર્ડ ન હોવાને કારણે છેલ્લાં ૯૭ વર્ષમાં અહીં ક્યારેય કોઈ બાળકની કિલકારી ગૂંજી નથી. જ્યારે પણ અહીં રહેતી કોઈ મહિલા ગર્ભવતી થાય અથવા કોઈ ગંભીર બીમારી આવે, ત્યારે તેમને સારવાર અને ડિલિવરી માટે ઈટલીની રાજધાની રોમ લઈ જવામાં આવે છે.

વેટિકન સિટી ચારેય બાજુથી રોમ શહેરની વચ્ચે ઘેરાયેલો દેશ છે. આ દેશની કુલ વસ્તી માત્ર ૮૦૦થી ૯૦૦ લોકોની આસપાસ છે, જેમાં મોટાભાગે પાદરીઓ (પોપ) અને સ્વિસ ગાર્ડ્સ રહે છે. વેટિકન સિટીમાં હોસ્પિટલ બનાવવા માટે ઘણી વખત વિનંતીઓ અને અરજીઓ કરવામાં આવી છે, પરંતુ ભૌગોલિક મર્યાદાઓ અને નાના કદના કારણે તે શક્ય બન્યું નથી. આ દેશની બીજી એક ખાસિયત એ છે કે અહીં દુનિયાનું સૌથી નાનું રેલવે સ્ટેશન 'સિટ્ટા વેટિકનો' (ૐક્ઢ ફક્દૈષ્ઠટ્ઠહર્) આવેલું છે. આ સ્ટેશન ૧૯૩૩માં પોપ પાયસ અગિયારમાના શાસનકાળ દરમિયાન બનાવવામાં આવ્યું હતું, જેમાં માત્ર બે ટ્રેક છે અને પ્રત્યેકની લંબાઈ ૩૦૦ મીટર છે. વેટિકન સિટીને વિશ્વભરના કરોડો કેથલિક ખ્રિસ્તીઓ પોતાની ધાર્મિક આસ્થાનું કેન્દ્ર અને મૂળ માને છે.

# સ્થાપત્યનું વાઈ-ફાઈ: વિલા નૂરી

બહાર ઝુલતો કાચની દીવાલવાળો સ્વિમિંગ પૂલ, સ્વિમિંગ પૂલમાંથી તેમ જ વિલાની તે બાજુથી વિશાળ ક્ષિતિજને માણવાની ઊભી થતી સંભાવના, વધુ ઊંચાઈવાળા ઓરડાઓ, રવેશ અને અગાસીઓનો રસપ્રદ તેમ જ રચનાત્મક ઉપયોગ, આ રવેશ તથા અગાસીઓનો કૌટુંબિક સહજ-પ્રવૃત્તિઓ માટે થયેલ સકારાત્મક ઉપયોગ, વ્યૂહાત્મક રીતે ગોઠવાયેલી કાચની દીવાલોથી આજુબાજુની કુદરતી પરિસ્થિતિ સાથે સતત જળવાઇ રહેતો દૃશ્ય-સંપર્ક,

વિલાની રચનામાં બંધિયારપણા સામે મોકળાશની થતી પ્રબળ અનુભૂતિ, જ્યાં કૌટુંબિક સ્થાન ગોઠવાયાં છે તે, ઉપરના માળેથી દૃશ્યમાન થતો વિશાળ પેસિફિક મહાસાગર, લગભગ હવામાં તરતી જણાતી હોય તે મુજબની ઉપરની છતને કારણે સમગ્ર મકાનની અનુભૂતિમાં મળતી હળવાશ, વિવિધ સ્તરે બનાવાયેલ વિવિધ મંચ સાથે સંકળાયેલી ઉપયોગિતાની ભિન્નતા અને તે બધાં સાથે સ્થાપિત થતી એક પ્રકારની સંવાદિતતા-વિલા નૂરીની આ કેટલીક ખાસિયતો છે.

અહીં એ જણાવવાની આવશ્યકતા છે કે અહીંની સ્થાનિક ચોર્ટેગા ભાષામાં નૂરીનો અર્થ પક્ષી થાય છે. તેથી ૬૫૫ ચોરસ મીટરના આ વિલામાં જાણે પક્ષીઓને મહેમાન તરીકે પ્રવેશ મળે છે.

વિલામાં ગોઠવાયેલ બે માળના સ્થાન સાથે દરેક આંતરિક જગ્યા સહકારાત્મકતાથી સંકળાય છે અને ત્યાંથી ઉપર નીચે જવા માટેનો દાદર એક પ્રકારની ચલિતતા સ્થાપિત કરે છે. આમ તો આ સમગ્ર રચના બહારના તરફ વિસ્તરતી હોય તેમ જણાય છે, પરંતુ આ બે માળની આંતરિક જગ્યા મકાનને આંતર્ભિમુખ પણ બનાવે છે. અહીં ચારે બાજુ રખાયેલ ખુલ્લાપણું અને છતને અપાયેલ ઊંચાઈને કારણે સમગ્ર વિલામાં કુદરતી હવા-ઉજાસ સ્વાભાવિક રીતે અસરકારક સ્તરે જળવાઈ રહે.

આમ તો ઝુલતો-કેન્ટીલીવર્ડ સ્વિમિંગ પૂલ વિલાનું કેન્દ્ર બની શકે, પરંતુ હકીકતમાં તેની આજુબાજુનાં સ્થાન વિલાનો ધબકાર ઝીલવા વધુ સક્ષમ જણાય છે. આ વિલામાં અનુભવાતું ક્ષિતિજ સુધીનું ખુલ્લાપણું નોંધનીય છે. ટેકરી પર બનાવાય આ વિલા કુદરત સાથે તાલમેલ તો જાળવે જ છે, તે ઉપરાંત આ રચનાથી જાણે કુદરત પણ વધુ નિરખી ઊઠે છે. એક મંતવ્ય પ્રમાણે આ રચના પવનના પ્રવાહ સાથે જાણે સંવાદિતતા સ્થાપિત કરે છે. એક અન્ય મંતવ્ય પ્રમાણે પવનના પ્રવાહની જરૂરિયાત મુજબ જ આ વિલાની રચના કરવામાં આવી છે. એકંદરે એમ કહી શકાય કે આ વિલાનું સ્થાપત્ય અને પવન પરસ્પર સંગત કરે છે.

વિલાની માળખાકીય રચના લોખંડની ફ્રેમ પર આધારિત છે, જેની સાથે સમાંતર દીવાલો ગોઠવાઈ છે. નીચે કોન્ક્રીટ તથા પથ્થરના પાયા પર રચાયેલ આ સમગ્ર બાંધકામ દૃશ્ય અનુભૂતિના સંદર્ભમાં વજનમાં હલકું જણાય છે. તે ઉપરાંત અહીં જે લોખંડની પાઈપના પાતળાં ટેકા લેવાયા છે તેનાથી પણ મકાનનું વજન ઓછું પ્રતીત થાય છે; પરંતુ તેની રચનાનાં પ્રકારને કારણે તેની



મજબૂતાઈ માટે પ્રશ્ન ઊભો નથી થતો. આ સમગ્ર રચનામાં એક તરફ લોખંડ જેવી સામગ્રી વાપરી આધુનિક તકનીકનો ઉપયોગ કરાયો છે તો બીજી તરફ ફિનિશિંગમાં પરંપરાગત સામગ્રીની પસંદગી કરાઈ છે. આ બધાં સાથે છત પર જડાયેલ સૂર્ય-ઊર્જા માટેની પેનલનો ઉલ્લેખ પણ જરૂરી છે.

એમ જણાય છે કે વિલા નૂરીની રચનામાં રહેલી સાદગીથી અહીં શાંતિ તેમજ તાણ-મુક્તિની અનુભૂતિ થઈ શકે. વળી અહીં જે રીતે અનૌપચારિક સ્થાનોનો સમાવેશ થયો છે તેનાથી કુટુંબના સભ્યો વચ્ચેનો સંબંધ વધુ દૃઢ બની શકે. અહીં પ્રાપ્ત થતાં કુદરત સાથેનાં વિશેષ પ્રકારનાં સાનિધ્યને કારણે વધુ મોકળાશ તેમજ વધુ 'ખુશી'ની અનુભૂતિની સંભાવના રહે. આ રચનામાં લાકડાનાં ઉપયોગથી એક પ્રકારની કુદરતી હૂંફની અનુભૂતિ પણ શક્ય છે.

નૂરી વિલા રચનાનાં કેટલાંક અંગથી સતત બદલાતી પ્રકાશ-છાયાની રમતને કારણે એક પ્રકારની નાટકીયતા સ્થાપિત થાય છે. ખુલ્લાં સ્થાનોમાંથી અને ઊંચકાયેલ છતમાંથી, એમ કહેવાય છે કે પક્ષીઓના આવનજાવનની સંભાવના પણ અહીં છે. આમ તો આ વૈભવી વિલા છે, તે છતાં પણ તેમાં રહેલી સરળતાને કારણે તેમાં ગ્લેમરનો ભાવ નથી જણાતો.

એક અભિપ્રાય મુજબ આ વિલા તેની છત અને જમીન પરની કુદરતી પરિસ્થિતિ વચ્ચે લટકાવી દેવાયું છે. કંઈક અંશે આ વાત સાચી પણ લાગે છે. નીચેની જમીન ટેકો આપે છે અને ઉપરની છત જાણે મકાનને લટકાવી રાખે છે. આ બે વચ્ચે ભૌમિતિક તાલમેલ સાથે રચના નિર્ધારિત કરવામાં આવી છે.

એમ કહી શકાય કે મૂળભૂત સવલતો ઉપરાંત પાંચ શયનકક્ષ વાળું આ વિલા એક રીટ્રીટ સમાન છે, જે એક અસાધારણ અનુભવ માટે નિશ્ચયપૂર્વક દાવો કરી શકે. સરળતા, સ્પષ્ટતા, ચીવટતા, સમાવેશીયતા તથા વિગતીકરણ જેવી બાબતો માટે આ વિલાનો ઉલ્લેખ થઈ શકે. કોસ્ટા રિકાના રિઝર્વ કોન્ચલમાં ચાલુ વર્ષે ૨૦૨૫માં તૈયાર થયેલ વિલા નૂરીની આ કેટલીક ખાસિયતો છે.

સ્થપતિ સ્ટુડિયો સેક્સે દ્વારા તૈયાર કરાયેલ આ રચના અમુક રીતે પ્રશંસાને યોગ્ય છે અને સાથે સાથે તેની ટીકા પણ જરૂરી છે. ક્યારેક એમ જણાય છે કે આ પ્રકારની રચનામાં સામગ્રી, ઊર્જા તેમ જ સંસાધનોનો જરૂરિયાત કરતાં વધારે ઉપયોગ થતો હોય છે. એવો દાવો થઈ શકે કે વ્યક્તિની પહોંચ પ્રમાણે તે ખર્ચ કરી શકે, પરંતુ ક્યાંક ભવિષ્ય માટે પણ વિચારવાની આવશ્યકતા છે.

એકવાર માની લઈએ કે વિશ્વની દરેક વ્યક્તિ પાસે આ પ્રમાણેની સંપત્તિ આવી જાય છે અને પછી જો દરેક વ્યક્તિ આ પ્રકારના વિલાની રચના માટેનો આગ્રહ રાખે તો કદાચ પૃથ્વી પરનાં બધાં જ સંસાધનો ખર્ચાઈ જાય. સમજવાની વાત એ છે કે હાથમાં સંપત્તિ આવી જાય એટલે સંસાધનોનો બગાડ કરવાની છૂટ નથી મળી જતી. ક્યાંક સંયમની આવશ્યકતા છે, તેની શરૂઆત સ્થપતિએ કરવી પડે.

# એક નજર ઈધર ભી...: ભારતીય રાજકુમારીની બ્રિટનમાં કેમ હતી આવી બોલબાલા?

આ વર્ષે જાન્યુઆરીમાં 'મધર ઓફ ઓલ ડીલ્સ' તરીકે ગાજેલા ભારત-યુરોપિયન યુનિયન વચ્ચેના વ્યાપારી કરારના સંદર્ભમાં આ ઘટના ભારતના વિકાસ માટે અગત્યની છે એટલા માટે યુરોપને અને એના કેટલાક દેશ વિશે જાણવું-સમજવું આપણા માટે જરૂરી છે.

બીજા વિશ્વ યુદ્ધની સમાપ્તિ પછી ૧૯૪૯માં 'કાઉન્સિલ ઓફ યુરોપ' અસ્તિત્વમાં આવી, જેનો પ્રમુખ હેતુ વર્લ્ડ વોરથી છિન્નભિન્ન થઈ ગયેલા માનવ જીવનને થાળે પાડવાનો હતો. શરૂઆતમાં ૧૦ યુરોપિયન દેશ એના સભ્ય હતા. ૧૯૫૮માં 'યુરોપિયન યુનિયન' બિન સત્તાવાર સ્વરૂપમાં અસ્તિત્વ માં આવ્યું જેમાં સભ્ય દેશ તરીકે ધ નેધરલેન્ડ્સ, બેલ્જિયમ અને લક્ઝમ્બર્ગ જોડાયા હતા.

૧૯૯૦માં સિંગલ માર્કેટના ઉદ્દેશ સાથે યુરોપિયન યુનિયન અસ્તિત્વમાં આવ્યું હતું. યુરોપમાં જેટલા દેશ છે અને એમાંથી આજની તારીખમાં ૨૭ દેશ યુરોપિયન યુનિયનના સભ્ય છે. 'યુનાઈટેડ નેશન્સ' અનુસાર યુરોપમાં આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત ૪૪ દેશ છે. યુરોપ ઉપરાંત અન્ય ખંડમાં વિસ્તાર ધરાવતા તેમજ આંતરરાષ્ટ્રીય માન્યતા અંગે વિવાદમાં સપડાયેલા દેશને આમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. યુરોપિયન યુનિયનમાં યુરોપ ડે (૯ મે)નું મહત્ત્વ છે.

૧૯૫૦ની નવમી મેના દિવસે ફ્રાન્સના વિદેશ પ્રધાન રોબર્ટ શુમનએ ઐતિહાસિક પ્રવચન આપ્યું હતું, જેમાં યુરોપિયન દેશો વચ્ચે આપસી તાલમેલથી રહેવાની હાકલ કરવામાં આવી હતી. ૯ મે, ૧૯૮૫ના દિવસે પ્રથમ 'યુરોપિયન-ડે' ઉજવવામાં આવ્યો હતો અને તાજેતરમાં એના ૪૧મા વર્ષની ઉજવણી કરવામાં આવી ત્યારે નવી દિલ્હીમાં યુરોપિયન યુનિયન-ભારતના સંબંધો પર પ્રકાશ પાડતા 'યુરોપ ઈન મોશન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું ત્યારે નાણાં પ્રધાન નિર્મલા સીતારમન મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યાં હતાં.




૨૭ સભ્ય દેશના ૪૫ કરોડ માનવ વસ્તી ધરાવતું યુરોપિયન યુનિયનનું અર્થતંત્ર યુનાઈટેડ સ્ટેટ્સ અને ચીન પછી ત્રીજા નંબરે આવે છે. યુરોપમાં લોકશાહી, શાંતિ અને માનવ હકની જાળવણી અને વિસ્તાર માટે અને બે કટ્ટર દુશ્મન દેશ ફ્રાન્સ અને જર્મની વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો વિકસાવવામાં નિમિત્ત બનવા બદલ ૨૦૧૨નું શાંતિ માટેનું નોબેલ પ્રાઈઝ 'યુરોપિયન યુનિયન'ને આપવામાં આવ્યું હતું. યુરોપિય યુનિયનના દરિયાકાંઠાના વિસ્તારમાં બેલ્જિયમ, નેધરલેન્ડ્સ અને લક્ઝમબર્ગએ ત્રણ દેશનો સમાવેશ છે.બ્રસેલ્સ બેલ્જિયમનું પાટનગર છે. સાંપ્રત રાજકારણમાં ખાસ્સું વજન ધરાવતી બે આંતરરાષ્ટ્રીય સંસ્થા 'યુરોપિયન યુનિયન' અને 'નાટો' (નોર્થ એટલાન્ટિક ટ્રિટી ઓર્ગેનાઈઝેશન)ના હેડક્વાર્ટર્સ આ શહેરમાં હોવાથી યુરોપના કેપિટલ તરીકે ખ્યાતિ ધરાવે છે. ખાણીપીણીના શોખીનો માટે બ્રસેલ્સ ચોકલેટ, વોફલ્સ (વિદેશની વખણાયેલી અને હવે આપણા દેશમાં વિવિધ ઠેકાણે ઉપલબ્ધ સ્વાદિષ્ટ વાનગી) અને બિયરના સરનામા તરીકે જાણીતું છે. બ્રસેલ્સ પહોંચી આધુનિક વૈજ્ઞાનિક અજાયબીનું પ્રતીક 'એટોમિયમ' જોયા પછી 'હાઉસ ઓફ યુરોપિયન હિસ્ટ્રી' તરીકે ઓળખાતું હિસ્ટ્રી મ્યુઝિયમ અને યુરોપિયન પાર્લામેન્ટ જોવાની સિફારસ કરવામાં આવી. સમયના અભાવે અમે સંસદની ઈમારત જોઈ ન શક્યા પણ યુરોપના વિકાસની ઝાંખી કરાવતું ઐતિહાસિક મ્યુઝિયમ જોવાનો લહાવો જરૂર મળ્યો. લંડનના મ્યુઝિયમોની જેમ અહીં પણ પ્રવેશ ફી નથી અને અઠવાડિયાના સાતેસાત દિવસ સહેલાણીઓ માટે ખુલ્લું હોય છે. યુરોપિયન યુનિયનની સત્તાવાર ૨૪ ભાષામાં જાણકારી મળી શકે છે. મર્યાદિત સમયમાં વિહંગાવલોકનથી જ સંતોષ માની લેવાનો હતો. કોઈના સૂચનથી યુરોપિયન હિસ્ટ્રીની રસપ્રદ મહિલાઓથી વાકેફ થવાની કોશિશ કરી ત્યારે એક ભારતીય કનેક્શન મળી આવતા આનંદ આનંદ થઈ ગયો. વિદેશની વાહ વાહ કરાય, પણ જો સ્વદેશી ચમકારો દેખાયતો એ વાહ વાહનો ગુણાકાર થઈ જાય.વિજ્ઞાનમાં અદ્વિતીય યોગદાન બદલ બે વખત નોબેલપ્રાઈઝ મેળવનારાં મેરી ક્યૂરી, દંતકથા બની ગયેલી નર્સ ફ્લોરેન્સ ઓફ નાઈટેન્ગલ, ઈજિપ્તની રાણી ક્લિયોપેટ્રા વગેરે ઈતિહાસ પ્રસિદ્ધ સન્નારીઓનાં ચિત્રો જોઈ રહ્યા હતા ત્યારે ગ્રુપની એક વ્યક્તિએ મહિલાઓના મતાધિકાર માટેની ખ્યાતનામ ચળવળ (સફ્રજેટ મુવમેન્ટ)ની પ્રણેતા બ્રિટિશ મહિલા એમિલીન પેંકહર્સ્ટ તરફ ધ્યાન દોર્યું. એમિલીનની અથાક કોશિશોને પગલે મહિલાઓ બ્રિટનમાં મતાધિકાર મેળવી શકી. અમારા સદનસીબે મ્યુઝિયમમાં એક જૈફ બ્રિટિશ સજ્જન હાજર હતા, જેમને આ ચળવળ વિશે ઘણી જાણકારી હતી. જોકે બ્રિટિશ ઉચ્ચારવાળા અંગ્રેજીની અમુક વાત તો સમજાઈ પણ નહીં. આમ છતાં, એક નામ સાંભળી કાન સરવા થયા અને એના વિશે વધુ જાણકારી મેળવવાનો લોભ થયો. એ નામ હતું સોફિયા દુલિપસિંહ. ઈતિહાસની રુચિને કારણે દુલિપસિંહ શીખ સામ્રાજ્યના અંતિમ મહારાજા હતા એ ખબર હતી. દુલિપસિંહના સંતાનોમાં એક દીકરી હતી- સોફિયા દુલિપસિંહ.



# ક્યાંક તમે પણ તો નથી કરતા ને આ મોટી ભૂલ? ડોક્ટરોએ ઉચ્ચારી ગંભીર ચેતવણી...

આજકાલ સ્માર્ટફોનના વધતાં જતા ઉપયોગને કારણે મોટાભાગના લોકો વૉશરૂમ જતી વખતે પણ પોતાના સ્માર્ટફોનથી દૂર રહી શકતાં નથી. વોશરૂમમાં ટોઈલેટ સીટ પર બેસીને સોશિયલ મીડિયા સ્ક્રોલ કરવાનું કે વીડિયો જોવાનું એ હવે કોમન સીન થઈ ગયું છે. જોકે, દેખાવમાં સામાન્ય લાગતી આ આદત પાચન તંત્ર અને રેક્ટલ હેલ્થ માટે ખૂબ જ નુકસાનકારક સાબિત થઈ શકે છે. જો તમે પણ આ વોશરૂમ જતી વથતે મોબાઈલ ફોન લઈ જાવ છો આ સ્ટોરી તમારા માટે જ છે. નિષ્ણાતોના મતે, રોજ ટૉયલેટ સીટ પર ૧૦થી ૧૫ મિનિટથી વધુ સમય પસાર કરવો ગંભીર બીમારીઓને નોતરે છે. ચાલો જોઈએ શું છે આખી સ્ટોરી...

ગેસ્ટ્રો અને જીઆઈ સર્જનોના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન કમોડ પર લાંબો સમય બેસી રહેવાથી રેક્ટમ અને એનસ એટલે કે ગુદાની આસપાસની નસો પર પ્રેશર વધારે છે. સામાન્ય સ્ક્વોટિંગ પોઝિશનની સરખામણીમાં વેસ્ટર્ન કમોડ પર બેસવાથી આ ભાગ પર સ્ટ્રેસ વધી જાય છે. સતત દબાણને કારણે નસોમાં સોજો આવે છે, જે આગળ જતાં પાઈલ્સ, અસહ્ય દુખાવો, ખંજવાળ કે સ્ટૂલ પાસ કરતી વખતે બ્લીડિંગની સમસ્યામાં પરિણમે છે.

શું વધારે સમય બેસવાથી પેટ સાફ થાય છે?

ઘણા લોકો કબજિયાતની ફરિયાદ હોવાને કારણે ટોઈલેટમાં લાંબો સમય બેસી રહે છે અને જોર લગાવે છે. પરંતુ ડૉક્ટરો ચેતવે છે કે આનાથી કબજિયાત મટવાને બદલે વધી જાય છે. વધારે જોર કરવાથી પેલ્વિક ફ્લોરની માંસપેશીઓ નબળી પડે છે અને બોવેલ મૂવમેન્ટ ખોરવાય છે, જેના લીધે એનલ ફિશર કે રેક્ટલ પ્રોલેપ્સ જેવી સ્થિતિ ઊભી થઈ શકે છે.

બચવા માટે શું કરશો?

આ સમસ્યાથી બચવા માટે સૌથી પહેલાં વૉશરૂમમાં મોબાઈલ લઈ જવાનું બંધ કરવું જોઈએ. આ ઉપરાંત ખોરાકમાં ફાઈબરનું પ્રમાણ વધારવું, દિવસ દરમિયાન પૂરતું પાણી પીવું અને નિયમિત કસરત કરવી જરૂરી છે જેથી પાચન ક્રિયા સુધરે છે. જો તમને રોજ ટોઈલેટમાં ૧૦ મિનિટથી વધુ સમય લાગતો હોય, દુખાવો કે બ્લીડિંગ થતું હોય તો તેને સામાન્ય માનીને અવગણવાને બદલે તુરંત ડૉક્ટરનો સંપર્ક કરવો હિતાવહ છે.

છે ને એકદમ કામની માહિતી? આ માહિતી તમારા મિત્રો અને પરિવારના સભ્યો સાથે શેર કરીને તેમના જનરલ નોલેજમાં ચોક્કસ વધારો કરજો, તેમ જ તેમને પણ આ ભૂલ કરતાં રોકો. આવી જ બીજી માહિતી જાણવા માટે અમારી સાથે જોડાયેલા રહો.

# પિત્ઝાના બોક્સમાં કેમ મૂકવામાં આવે છે આ પ્લાસ્ટિકનું સ્ટૂલ? ૯૯ ટકા લોકો નથી જાણતા આની પાછળનું કારણ...

તમે જ્યારે પણ ઘરે બેસીને ઓનલાઈન ગરમાગરમ પિત્ઝા ઓર્ડર કરો છો, ત્યારે બોક્સ ખોલતાની સાથે જ પિત્ઝાની બરાબર વચ્ચે પ્લાસ્ટિકનું એક નાનકડું ત્રિપાઈ, સ્ટુલ જેવું દેખાતું એક સ્ટેન્ડ જોવા મળે છે. ઘણા લોકો તેને રમકડું કે ખાલી શો-પીસ સમજે છે, પરંતુ પિત્ઝાને તમારા સુધી સુરક્ષિત પહોંચાડવામાં આ નાનકડી વસ્તુનો બહુ મોટો હાથ છે. ચાલો આજે તમને આ નાનકડાં સ્ટુલનું શું કામ છે અને તેમ કેમ આટલું મહત્ત્વનું છે એ વિશે જણાવીએ...

પિત્ઝાની વચ્ચે મૂકવામાં આવતા આ નાનકડા પ્લાસ્ટિકના સ્ટૂલને 'પિત્ઝા સેવર' (Pizza Saver) કહેવામાં આવે છે. તેને 'પિત્ઝા ટેબલ' તરીકે પણ ઓળખવામાં આવે છે. જ્યારે પિત્ઝા ગરમાગરમ બોક્સમાં પેક થાય છે, ત્યારે વરાળના કારણે પિત્ઝાના કાર્ડબોર્ડ (કાગળ)નું બોક્સ ઉપરથી નરમ પડીને નીચે તરફ નમવા લાગે છે. જો આ પિત્ઝા સેવર ન મૂકવામાં આવે, તો બોક્સનું ઉપરનું ઢાંકણું પિત્ઝાના પીગળેલા ચીઝ અને મોંઘા ટોપિંગ્સ સાથે ચોંટી જાય અને પિત્ઝાનો લૂક અને સ્વાદ બંને બગડી શકે છે. પરિણામે પિત્ઝા પર આ પિત્ઝા સેવર મૂકવાની શરૂઆત કરવામાં આવી હતી.

ડિલિવરી બોય જ્યારે બાઈક પર પિત્ઝા લાવે છે ત્યારે કોઈ વાર રસ્તા પરના સ્પીડ બ્રેકર, ખાડાને કારણે આવતા આંચકાના કારણે પિત્ઝા બોક્સના ઢાંકણા સાથે અથડાઈને બધું વેર-વિખેર ન થઈ જાય એ માટે આ પિત્ઝા સેવર ખૂબ જ કામનું છે. આવા સમયે આ 'પિત્ઝા સેવર' બોક્સ અને પિત્ઝા વચ્ચે એક દીવાલ બનીને ઊભું રહે છે. નામ પ્રમાણે જ તે ખરેખર પિત્ઝાને ખરાબ થતા 'સેવ' કરે છે એટલે કે બચાવી લે છે.

નજર કરીએ પિત્ઝાના રસપ્રદ ઈતિહાસ પર તો એની શરૂઆત ૧૮મી કે ૧૯મી સદીમાં ઈટાલીના નેપલ્સ (Naples) શહેરમાં થઈ હતી. શરૂઆતમાં તે ગરીબ મજૂરો માટે એક સસ્તું, સરળ અને ઝડપથી ખાઈ શકાય તેવું ભોજન હતું. ત્યાર બાદ ૧૯૪૦ના દાયકામાં ઈટાલીના પ્રવાસીઓ આ સ્વાદ અમેરિકા (USA) લઈ ગયા. બીજા વિશ્વયુદ્ધ પછી જ્યારે અમેરિકન સૈનિકો ઈટાલીથી પાછા ફર્યા, ત્યારે તેમણે પિત્ઝાના એટલા વખાણ કર્યા કે જોતજોતામાં તે આખી દુનિયાનું ફેવરિટ ફાસ્ટ ફૂડ બની ગયું.

ચોંકી ગયા ને તમે આ માહિતી વાંચીને? આ માહિતી તમારા મિત્રો અને પરિવારના સભ્યો સાથે શેર કરીને તેમના જનરલ નોલેજમાં પણ ચોક્કસ વધારો કરજો હં ને? આવી જ બીજી નોખી-અનોખી માહિતી જાણવા માટે અમારી સાથે જોડાયેલા રહો.



## તંત્રી લેખ...

બુધવાર, તા. ૨૦ મે ૨૦૨૬

# બેન્કિંગ વહેવાર સરળ બને




વિશ્વગુરુ બની રહેલા ભારતમાં એક તરફ આધુનિક ટેકનોલોજીના ઉપયોગનું ચલણ વધી રહ્યંઅ છે ત્યારે સરકારી નિયમોની જડતા અને માનવીય અભિગમના અભાવે ભારે દારૂણ બનાવ સામે આવતા રહે છે. દેશ માટે ચિંતા જગાવે તેવા બનાવોની શ્રંઊખલામાં ઓરિસ્સાની એક બેંકનો ચોંકાવનારો કિસ્સો જોડાયો છે. દેશની વહીવટી અને તેમાં પણ ખાસ તો બેન્કિંગ વ્યવસ્થાને શરમસાર કરતા આ બનાવે નવી ચર્ચા છેડી છે. થોડા દિવસો પહેલાં ઓરિસ્સાના કેંજોર જિલ્લામાં એક આદિવાસી વ્યક્તિને પોતાની મૃત બહેનનાં ખાતાંમાંથી લગભગ ૧૯ હજાર રૂપિયા ઉપાડવા માટે એટલી બધી હેરાનગતિ થઈ કે તેને પોતાની મૃત બહેનના હાડપિંજરને લઈને બેન્ક જવું પડયું હતું. બેન્ક તરફથી તેમની પાસેથી મૃત્યુના પ્રમાણપત્ર અને વારસાઈનાં પ્રમાણપત્ર માગવામાં આવ્યાં હતાં, પણ પરિવારજનોનો આરોપ છે કે, તેમને વારંવાર ધક્કા ખવડાવાયા હતા.

ભારે ઉહાપોહ થયા બાદ બેન્કે આ વ્યક્તિને તેમની બહેનની રકમ આપી દેવાઈ છે, પણ આ બનાવે દેશમાં આર્થિક લેવડદેવડને સરળ અને ડિજિટલાઈઝ્ડ કરવા છેલ્લા એક દાયકામાં સધાઈ રહેલી પ્રગતિની સામે ગંભીર સવાલ ખડો કર્યો છે. આ તાજા બનાવે બતાવ્યું છે કે, આર્થિક વહેવારોમાં સરલીકરણનો અર્થ બેન્કખાતાંની રોજિંદી લેવડદેવડ હોવો જોઈએ નહીં. આમ તો બેન્કોના પોતાના નિયમો યોગ્ય છે કે, કોઈ મૃતકનાં ખાતાંમાંથી કોઈને પણ નાણાં આપી શકાય. આમાં છેતરપિંડી રોકવા માટેની જોગવાઈઓ છે, પણ સરવાળે એવી છાપ ઊભી થાય છે કે, આ નિયમોના પાલનમાં માનવતાની ભાવના જાળવવાની ખાસ અનિવાર્યતા છે. શહેરી વિસ્તારોમાં બેન્કો તેમના ગ્રાહકોને વધુ સરળતાથી માર્ગદર્શન ઉપલબ્ધ કરાવે છે. આને લીધે નિયમોના પાલનમાં ભાગ્યે જ કોઈ ફરિયાદ આવે છે, પણ ગ્રામીણ કક્ષાએ બેન્કોમાં નિયમોની અધૂરી જાણકારી હોય છે. કર્મચારીઓ હાલના સંજોગોમાં જોખમ લેતા હોતા નથી. આવામાં ઓરિસ્સા જેવા બનાવો બને છે. ખરેખર તો હવે બેન્કિંગ વ્યવસ્થામાં મૃતક ખાતેદારોના પરિવારજનો ઉપરાંત વરિષ્ઠ નાગરિકોને નિયમોની માહિતી આપવાની સાથોસાથ વહેવારમાં મદદરૂપ થાય તેવા જાણકાર અધિકારીની હાજરી અનિવાર્ય બની છે. આ અધિકારી આવા દરેક કામોમાં જરૂરી પ્રમાણપત્રો જોડવા અને ક્યાંથી મેળવવા તેનું માર્ગદશન આપી શકે એવા તાલીમબદ્ધ હોવા જોઈએ. આમ થાય તો ખાતાધારકો અને તેમના પરિવારજનોની હાલાકીનો ઉકેલ આવી શકે અને ફરિયાદો ઊભી થાય જ નહી. ઓરિસ્સાનો આ બનાવ બેન્કિંગ વ્યવસ્થા માટે આંખ ઉઘાડે તેવી બની રહે એવી અપેક્ષા રાખવી રહી.

# સર્વોચ્ચ સપાટીએ સોનું સામાન્ય વર્ગ માટે મૃગજળ

ભારતીય સંસ્કૃતિમાં અનોખી રીતે વણાઈ ગયેલા સુવર્ણના આભૂષણો હવે સામાન્ય વર્ગની પહોંચની બહાર થઈ ચૂક્યા છે. કિંમતી ધાતુના સતત વધી રહેલા ભાવ ક્યાં જઈને અટકશે એ કોઈ કહી શકે તેમ નથી. ગુરુવારે સોનાંના ભાવ સર્વોચ્ચ સપાટીને આંબી ગયા હતા. દસ ગ્રામ સોનાંનો ભાવ વધીને ૧,૦૬,૯૭૦ થઈ ગયો હતો. આવી જ હાલત ચાંદીની રહી છે. શ્રએક કિલો ચાંદીના ભાવોમાં ઉછાળો નોંધાઈને ૧,૨૫,૬૦૦ થયો હતો. સ્વાભાવિક રીતે આકાશને આંબતા આ ભાવોમાં સામાન્ય વર્ગ માટે કિંમતી આભૂષણો હવે દોહ્યલા બનતા જાય છે. સોનાંના ભાવોમાં વધારાની પાછળ સંખ્યાબંધ કારણો કામ કરતા હોય છે. આમાં

સૌથી ચાવીરૂપ બાબત વિશ્વમાં વધતી જતી તંગદિલીને લગતી છે, જ્યારે જ્યારે લોકોમાં અસલામતીની લાગણી વધે છે, ત્યારે તેઓ તેમની સંપત્તિનાં રક્ષણ માટે સોનાંમાં રોકાણ કરવા લાગે છે. હાલે દુનિયામાં ચાલતા નાના કે મોટા સંઘર્ષોને લીધે લોકો સોનાંની ખરીદી વધારી રહ્યા છે. બીજો મુદ્દો છે વૈશ્વિક અથતંત્રોમાં સુસ્તીનો, હાલે અમેરિકા સહિતની આર્થિક મહાસત્તાઓમાં જે રીતે વેપાર અને ઉદ્યોગ સુસ્ત છે તેવા સમયે લોકો તેમની રોકડને સલામત રાખવા સોનાંમાં રોકાણ વધારી નાખતા હોય છે. આ બન્ને કારણને લીધે સોનાંની વૈશ્વિક માંગમાં ઉછાળો આવતાં ભાવો વધી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ચીન, ભારત, તુર્કી અને પોલેન્ડ જેવા દેશોની સેન્ટ્રલ બેન્કો મોટાપાયે સોનું ખરીદી રહી છે. સોનું ખરીદતા દેશો એમ માને છે કે, તેમની પાસે સોનાંનો વધુ જથ્થો એકત્ર થાય તો તેઓ ડોલરના આધિપત્યને પડકારી શકશે. વળી હાલે ડોલરનો દર ઓછો હોવાથી વિદેશીઓ માટે સોનાંની ખરીદી સસ્તી જણાય છે. આને લીધે યુરોપના લોકો પણ સોનું ખરીદી રહ્યા છે. માંગની સરખામણીએ ઉત્પાદન ઓછું હોવાની અસર ભારત સહિતના એશિયન બજારોના ભાવોનાં વલણ પર પડતી હોય છે. ભારતમાં શેરબજારમાં તેજી-મંદીનો દોર ચાલી રહ્યો હોવાથી નાના અને મધ્યમ રોકાણકારો તેનાં નાણાં હવે વધુ સલામત સોનાંમાં રોકવા લાગ્યા છે. આ બધાં સમીકરણોનો સરવાળો સોનાંના ભાવો હજી વધુ ઊંચાઈને આંબે તેવા સંકેત આપી જાય છે.

મહત્ત્વની બાબત એ છે કે, આવનારા દિવસોમાં અમેરિકામાં ફેડરલ રિઝર્વ વ્યાજના દરમાં ઘટાડો કરે એવી અટકળો છે. આ અટકળોને લીધે અમેરિકામાં લોકો બચતનાં નાણાં સોનાંમાં રોકાણ વધારવા વળશે આમ થશે તો ભાવો હજી વધુ વધી શકે તેમ છે. આવા સંજોગોમાં ભારતના સામાન્ય વર્ગે સોનાંના આભૂષણોની મહેચ્છાને ફળીભૂત કરવા માટે ઓછા કેરેટના સુવર્ણના વિકલ્પોને અપનાવવા વિચારવું પડશે, પણ ભારત જેવા વિશાળ દેશ અને તેની મસમોટી બજારમાં કોઈ પણ સોંઘા વિકલ્પને મોંઘા થવામાં સમય લાગશે નહીં એ વાત પણ નક્કી મનાઈ રહી છે.

### બે દેશો વચ્ચેના જી-ટુ સમૂહના નામની ચર્ચા ફરી એક વખત સપાટીએ આવી

# ટ્રમ્પ-જિનપિંગ વચ્ચે સ્વાર્થભરી વાટાઘાટો

## બન્ને દેશોએ હાથ મિલાવવાની શક્યતાઓ ચકાસી અંતરાયરૂપ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કર્યું

દુનિયાના બે સૌથી શક્તિશાળી રાષ્ટ્રનેતાઓ જ્યારે શિખર મંત્રણા માટે મળે ત્યારે સ્વાભાવિક રીતે વિશ્વની નજર આ મુલાકાત પર મંડાયેલી હોય છે. પશ્ચિમ એશિયામાં ભારે તકલાદી શાંતિ વચ્ચે જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જ્યારે બીજિંગમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે બેઠક યોજી ત્યારે બે દેશો વચ્ચેના જી-ટુ સમૂહના નામની ચર્ચા ફરી એક વખત સપાટીએ આવી. બન્ને દેશના વડાએ વૈશ્વિક મહત્ત્વના મુદ્દાથી વિશેષ પોતાના દ્વિપક્ષીય સ્વાર્થના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરીને દુનિયાના દેશોમાં નિરાશાની લાગણી જગાવી છે. આ મહત્ત્વાકાંક્ષી વાટાઘાટોનું કોઈ નોંધપાત્ર પરિણામ આવ્યું નથી, પણ ટ્રમ્પે તાઈવાનના મામલે અમેરિકાનાં વલણમાં ફેરફારના સંકેત આપીને ભલભલાને ચોંકાવી મૂક્યા છે. ટ્રમ્પની જિનપિંગ સાથેની મંત્રણાથી દુનિયાને હાલની આર્થિક કટોકટીમાંથી રાહત મળે એવા ઉકેલની આશા હતી, પણ બન્ને દેશોએ માત્ર પોતાના સ્વાર્થના મુદ્દા પર ચર્ચા કરીને મહાસત્તાઓની ઉપર ભરોસો થઈ શકે નહીં એવું ચિત્ર ઊભું કર્યું છે. બન્ને દેશોએ હાથ મિલાવવાની શક્યતાઓ ચકાસી હતી. આ માટે અંતરાયરૂપ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. બન્ને દેશ સંબંધ સુધરે તો આર્થિક ફાયદો થાય તેવી આશા રાખી રહ્યા છે. છેલ્લાં થોડાં વર્ષમાં ટ્રમ્પે અમેરિકાના વલણને સ્વકેન્દ્રિત કર્યું છે. મહાસત્તા તરીકે દુનિયાની ચિંતા કરવાને બદલે તેમણે પોતાના પ્રભાવને વિસ્તારવાનું વધુ પસંદ કર્યું છે. પોતાને લોકશાહી દેશ ગણાવતા અમેરિકાએ તાજેતરમાં અન્ય દેશો પર કબજો કરવાના કારસા કરીને ચીનના ઈરાદા સાથે તાલ મિલાવવાનું શરૂ કર્યું છે. ચીન તો તાઈવાન અને જાપાન ઉપરાંત સાઉથ ચાઈના સી અને ભારતના સરહદી વિસ્તારોને હડપવાના પોતાના બદઈરાદા માટે આમે પણ દુનિયાભરમાં વગોવાયેલું છે. ટ્રમ્પ અને જિનપિંગ



**પોતાને લોકશાહી દેશ ગણાવતા અમેરિકાએ તાજેતરમાં અન્ય દેશો પર કબજો કરવાના કારસા કરીને ચીનના ઈરાદા સાથે તાલ મિલાવવાનું શરૂ કર્યું છે.**

વચ્ચેની મંત્રણાએ ૨૦૦૫માં પ્રચલિત બનેલા બે દેશોના સમૂહ જી-ટુના નામને ફરી જીવંત કર્યું છે. અમેરિકા અને ચીન હાથ મિલાવીને જી-૨૦ જેવું જી-ટુ સમૂહ બનાવીને મોટી આર્થિક તાકાત બની શકે એવો વિચાર ૨૦૦૫માં વહેતો મુકાયો હતો. તે સમયે આર્થિક વ્યૂહાત્મક પગલાંમાં અમેરિકાએ ૭૮૭ અબજ ડોલર અને ચીને ૫૮૬ અબજ ડોલરનું પ્રોત્સાહક પેકેજ પણ રચ્યું હતું. તેનાથી તે સમયે દુનિયાને આર્થિક કટોકટીમાં મદદ પણ મળી હતી. જો કે, તાજેતરની વાટાઘાટોમાં એક નવો પ્રવાહ સામે આવ્યો છે. બન્ને દેશોએ આ શિખરમાં ૨૦૦ બોઈંગ વિમાનોના સોદાની સાથોસાથ ચાવીરૂપ વેપારી કરાર થયા, પણ આનાથી દુનિયાને કોઈ મોટો લાભ મળે તેમ જણાતું નથી. આ મંત્રણામાં ચીને તાઈવાનને મદદ કરવા સામે અમેરિકાને સ્પષ્ટ ચેતવણી આપી, તો અમેરિકાએ હાલના ખાડી જંગમાં ઈરાનને મદદ ન કરવા ચીનને કહ્યું છે. અમેરિકાને એમ લાગે છે કે, ઈરાનને ચીનની મદદ છે એટલે તે જંગમાં મચક આપતું નથી. તો બીજી તરફ તાઈવાનને હડપી લેવા વર્ષોથી ટાંપીને બેઠેલા ચીનને અમેરિકા અંતરાયરૂપ જણાય છે. હવે ચીને હોર્મુઝ જળમાર્ગને ખોલવાની જરૂરતમાં સૂર પુરાવ્યો છે. તો અમેરિકાએ તાઈવાનને સ્વતંત્રતાની જાહેરાત કરવામાં ઉતાવળા ન થવાની સલાહ આપીને ચીનના ઈરાદામાં આડકતરો સૂર પુરાવ્યો છે. આમ આ શિખર મંત્રણાએ ખરા અર્થમાં દુનિયાને દેખીતી રીતે કોઈ ફાયદો કરાવ્યો નથી. વ્યાપારના મોરચે ટ્રમ્પ કહે છે, 'અદ્ભુત વ્યાપાર કરાર' થયા છે, પણ આવી અતિશયોક્તિથી ચીન પ્રભાવિત થાય એમ નથી. અમેરિકાની કંપનીઓનો મોટો કાફલો લઈને આવ્યા, પણ ચીન ઉપર કોઈ અસર પડતી નથી. ૭૫૦ બોઈંગ વિમાનની ખરીદીની વાત હતી, પણ માત્ર ૨૦૦ની સમજૂતી થઈ. સોયાબીન પણ ખરીદશે, પોતાની જરૂરિયાત મુજબ બોઈંગ કંપનીએ ૨૦૦ વિમાનોની ખરીદીની સમજૂતી થઈ હોવાના અહેવાલનું સમર્થન કર્યું છે, પણ ચીને હજુ નામ પાડયું નથી! અલબત્ત, બંને દેશો વચ્ચે 'બોર્ડ ઓફ ટ્રેડ અને બોર્ડ ઓફ ઈન્વેસ્ટમેન્ટ' રચવાની સમજૂતી થઈ છે.

### આ વખતે કેટલાક વિસ્તારોમાં પહેલાં કરતાં વધુ લાંબો સમય સુધી હીટવેવ રહેશે

# સાવધાન ! ઉનાળો લાંબો અને વધુ આકરો હશે !

**વિશ્વના ૧૦૦ અતિ ગરમ શહેરમાં ભારતના ૯૮ શહેર છે. ઉત્તર ભારત ઉપરાંત ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન પણ આ પ્રકોપ વેઠી રહ્યા છે. પ્રશાસન ગરમીથી બચવા માટેની માર્ગદર્શિકા જાહેર કરે છે.**

બે-ત્રણ દિવસથી વેગીલા પવનને લીધે તાપની તીવ્રતામાં થોડી રાહત વર્તાતી હશે, પરંતુ વૈશાખનો જનજીવન પર તેનો પ્રભાવ વર્તાવી રહ્યો છે. આ સ્થિતિ ગુજરાત જ નહીં, સમગ્ર દેશની છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે, આ વખતે કેટલાક વિસ્તારોમાં પહેલાં કરતાં વધુ લાંબો સમય સુધી હીટવેવ રહેશે. પહેલાં જયાં ગરમીનું પ્રમાણ સામાન્ય રીતે ઓછું લાગતું ત્યાં પણ ગરમીનું મોજું લોકોની કસોટી કરશે. એક વૈશ્વિક સંસ્થા એક્યુઆઈના આંકડામાં મુશ્કેલી વધારનારી તસવીર ઉભરી છે. દુનિયાના સૌથી ૨૦ ગરમ શહેરમાં ૧૯ અને ૧૦૦ શહેરમાં ૯૮ ભારતના છે. નિઃસંદેહ વધતા જતા ઉષ્ણતામાન માટે જળવાયુ પરિવર્તન મુખ્ય કારણ મનાતું હોય છે, પરંતુ પર્યાવરણ જતન પ્રત્યે તંત્રની અને આમ નાગરિકોની ઉદાસીનતા પણ મહત્ત્વનું પરિબળ છે.

એક તરફ વન વિસ્તાર ઘટતો જાય છે ને બીજી તરફ બદલાતી જીવનશૈલીને લીધે વધતું કાર્બન ઉત્સર્જને ગંભીર ચિંતાનો વિષય છે. ગ્લોબલ વૉર્મિંગનો પ્રકૃતિ પર પ્રભાવ એટલો છે કે, ઋતુચક્ર ખોરવાઈ ગયું છે. એપ્રિલમાં થતા અણધાર્યા વરસાદે દેશમાં અનેક સ્થળે ખેડૂતોને મોટું નુકસાન પહોંચાડયું છે. વિશ્વના ૧૦૦ અતિ ગરમ શહેરમાં ભારતના ૯૮ શહેર છે. ઉત્તર ભારત ઉપરાંત ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન પણ આ પ્રકોપ વેઠી રહ્યા છે. પ્રશાસન ગરમીથી બચવા માટેની માર્ગદર્શિકા જાહેર કરે છે. વૃદ્ધો હજીય ઘરમાં રહી શકે, પરંતુ વ્યવસાય કરનારા લોકો માટે તેનું પાલન કરવું એટલે કે બપોરે બારથી ચાર વચ્ચે ઘરની બહાર ન નીકળવું શક્ય હોતું નથી. ગુજરાત, છત્તીસગઢમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. તાપમાન ક્યાંક તો ૪૭ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું હતું.

ઉત્તરપ્રદેશના ૬૦ જિલ્લામાં રેડ એલર્ટ છે. મધ્યપ્રદેશ, ઉત્તરાખંડમાં શાળા બંધ કરી દેવામાં આવી છે. ગુજરાતમાં જો કે, વેકેશન છે એટલી રાહત છે. ગરમીને લીધે માણસોનાં મૃત્યુ થઈ રહ્યાં છે. મધ્ય ભારત તો બરાબર, પરંતુ હિમાલય ક્ષેત્ર એવા હિમાચલપ્રદેશમાં પણ ભયાનક ગરમી છે. મેદાની વિસ્તારમાં લોકો ગરમીથી પરેશાન છે. કુલ્લુ, મંડી, સોલન જેવા પર્વતીય વિસ્તારમાં પણ હીટવેવનું યલો એલર્ટ છે. આ સ્થિતિ અત્યંત વિચિત્ર છે. ગુજરાતમાં પારો ૪૫ ડિગ્રી થવાની શક્યતા છે. ગરમીની અસરથી બચવા માટે પાણી, ઓઆરએસ જેવા ઉપાયો સૂચવવામાં આવી રહ્યા છે. આખરે ગરમી કે વધુ પડતો વરસાદ એ બધું જ કુદરતને આધીન છે. માણસ તો તેનાથી બચવાના પ્રયાસ કરી શકે. હવામાનને દૂષિત થતું તે અટકાવી શકે, પરંતુ જે સ્થિતિ ઊભી થઈ જ ગઈ છે તેમાં વિશેષ તો શું થાય ? ભૌતિક સગવડો, વિકાસ કહીએ છીએ તેવા પુલનાં બાંધકામ અને ટનલ્સનાં નિર્માણ વિવેકબુદ્ધિથી કરીએ, શહેરી વનીકરણ કાગળ ઉપર નહીં, જમીન ઉપર થાય તો રાહત મળી શકે. અત્યારે તો આકાશ આગ વરસાવી રહ્યું છે. દેશમાં જે રીતે ઉદ્યોગીકરણ વધી રહ્યું છે. લાઈફસ્ટાઈલ કુદરતથી દૂર થતી જાય છે એ જોતાં આવનારા સમયમાં ગરમીની તીવ્રતા વધતી જ જવાની. સરકારોએ આ સંભાવનાને નજરઅંદાજ ન કરતાં પ્રાથમિકતા આપવી પડશે. ગામ, શહેર, ફળિયા, રસ્તાઓ પર વૃક્ષનું આચ્છાદન વધારવું જરૂરી છે. જળસંચય અને પાણીનો કરકસરયુક્ત ઉપયોગ પણ એક અગત્યની બાબત છે. ગરમી વધવાની સીધી અસર પાણીના ઉપલબ્ધ સ્રોતો ઉપર પડશે. પાણી બચાવીએ, તેનો ઉપયોગ જરૂરિયાત મુજબ કરીએ એ સમયની માંગ છે.



### ઈરાન સાથે જોડાયેલ ઓઈલ ટેન્કર 'સ્કાયવેવ' જપ્ત

# હોર્મુઝથી આગળ યુદ્ધના પડઘાઃ અમેરિકાની કાર્યવાહીથી અશાંતિ

**યુનાઇટેડ સ્ટેટ્સ લાંબા સમયથી ઈરાનના તેલ વેપાર અને પરમાણુ કાર્યક્રમને રોકવાનો પ્રયાસ કરી રહ્યું છે. વોશિંગ્ટનનો આરોપ છે કે તેલ નિકાસમાંથી ઉત્પન્ન થતી આવકનો ઉપયોગ ઈરાન તેની મિસાઇલ ક્ષમતાઓને મજબૂત કરવા અને તેના પ્રાદેશિક પ્રોક્સી જૂથોને મજબૂત કરવા માટે કરે છે.**

યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચેનો તણાવ હવે હોર્મુઝ સ્ટ્રેટથી આગળ વધીને હિંદ મહાસાગર સુધી પહોંચી ગયો છે. યુએસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, યુનાઈટેડ સ્ટેટ્સે હિંદ મહાસાગરમાં ઈરાન સાથે જોડાયેલા એક ઓઈલ ટેન્કરને જપ્ત કર્યું છે. આ કાર્યવાહી એવા સમયે કરવામાં આવી છે જ્યારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન પર સતત દબાણ વધારી રહ્યા છે અને નવા લશ્કરી હુમલાની ચેતવણી આપી રહ્યા છે.

જપ્ત કરાયેલા જહાજને 'સ્કાયવેવ' તરીકે ઓળખવામાં આવ્યું છે. યુએસ વહીવટીતંત્રનો આરોપ છે કે, પ્રતિબંધો હોવા છતાં, આ ટેન્કર ઈરાની ક્રૂડ ઓઈલના પરિવહનમાં સામેલ હતું. આ જ કારણસર માર્ચમાં જહાજ પર યુએસ પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, 'સ્કાયવેવ' ઈરાનના કહેવાતા "શેડો ફ્લીટ"નો ભાગ હતો - જે જહાજોનો એક નેટવર્ક માનવામાં આવે છે જેનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોથી બચવા માટે તેલ નિકાસ કરવા માટે થતો હતો.

શિપ-ટ્રેકિંગ ડેટા અનુસાર, મંગળવારે મલેશિયાના પશ્ચિમી ક્ષેત્રમાંથી પસાર થતી વખતે જહાજ પહેલાથી જ મલાક્કાની સામુદ્રધુનીમાંથી પસાર થઈ ગયું હતું. લોયડ્સ લિસ્ટ ઈન્ટેલિજન્સના




ડેટા સાથે, દરિયાઈ વેપાર ક્ષેત્રના સૂત્રો સૂચવે છે કે ટેન્કર દસ લાખ બેરલથી વધુ ક્રૂડ ઓઇલ લઈ જઈ રહ્યું હોઈ શકે છે. મીડિયા અહેવાલો સૂચવે છે કે આ તેલ ફેબ્રુઆરીમાં ઈરાનના ખાર્ગ ટાપુ પર લોડ કરવામાં આવ્યું હતું, જેને ઈરાનનું મુખ્ય તેલ નિકાસ કેન્દ્ર માનવામાં આવે છે.

આ પહેલી ઘટના નથી કે જેમાં યુનાઈટેડ સ્ટેટ્સે ઈરાન સાથે જોડાયેલા તેલ જહાજો સામે આવી કાર્યવાહી કરી હોય. એપ્રિલમાં, યુએસએ હિંદ મહાસાગરમાં 'મેજેસ્ટિક એક્સ' અને 'ટિફની' નામના બે અન્ય જહાજો જપ્ત કર્યા હતા. યુએસ વહીવટીતંત્રે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ જહાજો પણ પ્રતિબંધોનું ઉલ્લંઘન કરીને ઈરાની તેલનું પરિવહન કરી રહ્યા હતા.

ખરેખર, યુનાઈટેડ સ્ટેટ્સ લાંબા સમયથી ઈરાનના તેલ વેપાર અને પરમાણુ કાર્યક્રમને રોકવાનો પ્રયાસ કરી રહ્યું છે. વોશિંગ્ટનનો આરોપ છે કે તેલ નિકાસમાંથી ઉત્પન્ન થતી આવકનો ઉપયોગ ઈરાન તેની મિસાઈલ ક્ષમતાઓને મજબૂત કરવા અને તેના પ્રાદેશિક પ્રોક્સી જૂથોને મજબૂત કરવા માટે કરે છે. આ કારણોસર, ટ્રમ્પ વહીવટીતંત્ર સતત આર્થિક પ્રતિબંધો અને દરિયાઈ દેખરેખ વધારી રહ્યું છે.

દરમિયાન, રાષ્ટ્રપતિ ટ્રમ્પે મંગળવારે જણાવ્યું હતું કે તેઓ ઈરાન સામે નવા લશ્કરી હુમલાનો આદેશ આપવાથી "માત્ર એક કલાક દૂર" હતા, પરંતુ ગલ્ફ રાષ્ટ્રોના આગ્રહથી આ નિર્ણય પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. તેમણે ચેતવણી આપી હતી કે જો ઈરાન તેના પરમાણુ કાર્યક્રમ અને પ્રાદેશિક પ્રવૃત્તિઓ અંગે યુએસની માંગણીઓનું પાલન કરવામાં નિષ્ફળ જાય, તો ભવિષ્યમાં વધુ કડક પગલાં પણ લેવામાં આવી શકે છે. નિષ્ણાતો માને છે કે હિંદ મહાસાગર અને અરબી સમુદ્રમાં આ વધતો તણાવ વૈશ્વિક ઉર્જા પુરવઠા અને દરિયાઈ વેપારને અસર કરી શકે છે, કારણ કે વિશ્વના મુખ્ય તેલ શિપિંગ લેન આ પ્રદેશમાંથી પસાર થાય છે.

# આલિયા-શર્વરીની કોમેડી શોની તસવીરો વાયરલ થઈ

## સમય રૈનાના ઇન્ડિયાઝ ગોટ લેટન્ટના સેટ પરથી તસવીરો વાયરલ થઈ







આલિયા ભટ્ટ, શર્વરી વાઘ અને કોમેડિયન સમય રૈના સાથેનો એક વાયરલ ફોટો સોશિયલ મીડિયા પર ભારે ચર્ચાનો વિષય બન્યો છે, જેના કારણે ઈન્ડિયાઝ ગોટ લેટન્ટની વાપસી અંગે અટકળો તેજ થઈ ગઈ છે.આ અંગેના અહેવાલ મુજબ, આ તસવીરો મુંબઈના ધ હેબિટાટ ખાતે લેવામાં આવી હતી. આ તસવીરોને જોઈને ચાહકો માનવા લાગ્યા છે કે આલિયા અને શર્વરી તેમની આવનારી સ્પાય-યુનિવર્સ ફિલ્મ આલ્ફાના પ્રમોશન માટે શોમાં જોવા મળી શકે છે. હાલ સુધી મેકર્સ અથવા કલાકારો તરફથી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, છતાં વાયરલ તસવીરોને કારણે સોશિયલ મીડિયા પર જોરદાર ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ઘણા ચાહકો આલિયા અને શર્વરીને સમય રૈનાના લોકપ્રિય ડિજિટલ ટેલેન્ટ-રોસ્ટ ફોર્મેટમાં જોવા માટે ઉત્સાહિત દેખાયા હતા, ૨૦૨૪માં લોન્ચ થયા બાદ આ શોએ ઓનલાઈન માધ્યમોમાં ભારે લોકપ્રિયતા મેળવી હતી, તેથી તેની બીજી સીઝન અંગે ઘણી ઉત્સુકતા છે. સમય રૈના દ્વારા બનાવાયેલ ઈન્ડિયાઝ ગોટ લેટન્ટ તેની અનફિલ્ટર્ડ હ્યુમર, અનિશ્ચિત ફોર્મેટ અને વાયરલ ગેસ્ટ ઈન્ટરેક્શન્સને કારણે દેશના સૌથી ચર્ચિત ડિજિટલ શોમાંથી એક બની ગયો હતો. જોકે, કેટલાક સેગમેન્ટ્સને લઈને શો વિવાદોમાં પણ સપડાયો હતો, જેના કારણે તેને થોડા સમય માટે બંધ કરવો પડ્યો હતો અને કાનૂની તપાસનો સામનો કરવો પડ્યો હતો.

# મારા પિતાએ કેરિઅરની શરૂઆતમાં જ મારી સાથે "રિવર્સ નેપોટિઝમ" કર્યું હતું



સોનાક્ષી સિંહાએ તાજેતરમાં પોતાની આગામી ફિલ્મ સીસ્ટમ વિશે વાત કરતાં ખુલાસો કર્યો કે તેનાં પિતા શત્રુઘ્ન સિંહાએ તેની કેરિયરની શરૂઆતમાં જ તેને ''રિવર્સ નેપોટિઝમ'' જેવી ટ્રીટમેન્ટ આપી હતી.

એક ઈન્ટરવ્યુ દરમિયાન સોનાક્ષીએ કહ્યું કે તેનાં પિતાએ હંમેશા તેને પોતાની મહેનતથી આગળ વધવા પ્રોત્સાહન આપ્યું હતું. તેણે જણાવ્યું, ''મારા પપ્પા હંમેશા કહેતા કે 'તારે પોતાની જાતને સાબિત કરવી પડશે'. તેઓ પોતે પણ એવી જ રીતે આગળ વધ્યા હતા. તમે કોણ છો એ મહત્વનું નથી, તમે શું કામ કરો છો અને કેવી રીતે પોતાને સાબિત કરો છો એ મહત્વનું છે.'' સીસ્ટમમાં સોનાક્ષી ''નેહા રાજવંશ'' નામની પબ્લિક પ્રોસિક્યુટરનું પાત્ર ભજવે છે. ફિલ્મમાં નેહાના પિતા દેશના જાણીતા ડિફેન્સ લોયર છે, પરંતુ તેઓ પોતાની દીકરીને પરિવારના વ્યવસાયમાં જોડતા પહેલાં પોતાનું નામ બનાવવાનું કહે છે. ફિલ્મમાં એક સંવાદ છે — ''આ કેવું રિવર્સ નેપોટિઝમ છે?'' — જેને લઈને સોનાક્ષીએ કહ્યું કે આ વાત તેનાં પોતાનાં જીવન સાથે પણ ઘણી જોડાયેલી લાગે છે.


# અનન્યા પાંડે હવે પોતાની ઓળખને નવી રીતે ઘડી રહી છે



જ્યારે હું તેને પ્રથમ વખત જોતી હતી ત્યારે તે સંપૂર્ણ રીતે તૈયાર નહોતી, અને કદાચ એ જ તેની સૌથી પ્રમાણિક સ્થિતિ લાગે છે. તેની આગળની લટો વારંવાર બ્રશથી ગોઠવવાનો પ્રયત્ન છતાં પોતાની જ રીતે હલતી રહે છે, જ્યારે રૂમમાં બ્યુટી શૂટ્સ દરમિયાન રહેતી હળવી પરંતુ સતત ગતિ અને ઉતાવળનો માહોલ છવાયેલો છે.જ્યારે અનન્યા પાંડે આવે છે, ત્યારે તેની અંદર એવી સ્ત્રીનો શાંત પરંતુ સ્પષ્ટ આત્મરક્ષણનું આવરણ દેખાય છે, જેણે પોતાની આખી વીસ વર્ષની વય સતત લોકોની નજરો અને જાત-તપાસ હેઠળ વિતાવી છે. એક ટૂંકી ક્ષણ માટે, આસપાસના વધતા ઉત્તેજન અને અવાજને અનુભવીને, તે થોડું શાંતિ માંગે છે. નાટકીય રીતે નહીં, કે રૂમનું ધ્યાન ખેંચે તેવી રીતે નહીં, પરંતુ એવી સ્પષ્ટતા સાથે કે જાણે તેને પહેલેથી જ ખબર હોય કે કિપણ ચીજવસ્તુનો અતિરેક કેટલો ઝડપથી જાત ઉપર હાવી થઈ જાય છે.ધીમે ધીમે અવાજ ઓછો થાય છે, હલચલ શાંત બને છે અને જાણે અજાણે આખું વાતાવરણ તેની આસપાસ ફરી ગોઠવાઈ જાય છે. જ્યારે CHANEL (શનેલ)ના પ્રોડક્ટ્સ ખોલવામાં આવે છે અને કેમેરો તેની તરફ ઉઠે છે, ત્યારે તેની અંદરની સાવચેતી ઓગળી જાય છે. ત્યારબાદ જે દેખાય છે તે છે અનેક વિચારીને લેવાયેલા નિર્ણયો — દરેક એટલા જ જાણપૂર્વકના કે જે રૂમમાં તેની હાજરીની અસર બદલી શકે.કેમેરા સામે, પાંડેમાં એક એવી જાગૃતિ દેખાય છે જે એક સાથે સ્વાભાવિક પણ લાગે છે અને અનુભવથી શીખેલી પણ. આ સંતુલન નકલી રીતે ઉભું કરવું મુશ્કેલ છે અને તેને સતત જાળવી રાખવું તો એથી પણ મુશ્કેલ. હવે તેની અંદર એક અલગ જ તાલમેલ છે — જાણે હવે તે પોતાની દેખાવ અને જાહેરહાજરી સાથે પહેલાં જેવી ખેંચતાણ કરતી નથી, પરંતુ હવે સમજી ગઈ છે કે ક્યાં તેને આકાર આપી શકાય, ક્યાં તેને પોતાની પાસે રાખી શકાય ક્યાં તો તેને શાંતિથી નકારી શકાય

# ધર્મા પ્રોડક્શન સિદ્ધાર્થ રાંદેરિયાની ગુજરાતી ફિલ્મ બનાવશે

## 'જિંદગી વન્સ મોર' ફિલ્મથી ધર્મા પ્રોડક્શન ગુજરાતી ઇન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરશે





કરણ જોહરનું પ્રોડક્શન હાઉસ ધર્મા પ્રોડક્શન્સ હિન્દી ફિલ્મો પછી સાઉથની ફિલ્મ પ્રોડ્યુસ કરતું હતું, હવે તે ગુજરાતી ઈન્ડસ્ટ્રીમાં પણ એન્ટ્રી કરશે. તેણે મરાઠી અને પંજાબી ફિલ્મો પણ પ્રોડ્યુસ અને રિલીઝ કરી છે, અને હવે તેણે ગુજરાતી સિનેમા તરફ નજર કરી છે. એવી ચર્ચા છે કે ધર્મા પ્રોડક્શન્સ આવનારી ગુજરાતી ફિલ્મ 'જિંદગી વન્સ મોર'ને પ્રસ્તુત કરશે.

ગુજરાત આધારિત એક એક્ઝિબિટરે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું, "જિંદગી વન્સ મોર પિતા અને પુત્રની ભાવનાત્મક અને દિલને સ્પર્શે એવી વાર્તા છે. ઉપરાંત, તેમાં સિદ્ધાર્થ રાંદેરિયા છે, જે ગુજરાતી સિનેમા અને થિયેટરના સુપરસ્ટાર છે. કહેવાય છે કે ધર્માની ટીમને ફિલ્મ ખૂબ ગમી અને તેમણે પ્રેઝેન્ટર તરીકે જોડાવાનો નિર્ણય કર્યો."

એક ટ્રેડ નિષ્ણાતના જણાવ્યા અનુસાર, "ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી આગળ વધી રહી છે અને પોતાની ગુણવત્તાસભર ફિલ્મોથી દર્શકોને પ્રભાવિત કરી રહી છે. ગયા વર્ષે, લાલો - કૃષ્ણ સદા સહાયતે ૧૦૦ કરોડ ગ્રોસર તરીકે ઉભરી આવી, જેના કારણે ઈન્ડસ્ટ્રી પર વધુ પ્રકાશ પડ્યો. તાજેતરમાં જ, સાજિદ નડિયાદવાલા લોકપ્રિય ધબકારો સાથે પ્રેઝેન્ટર અને પ્રોડ્યુસર તરીકે જોડાયા. હવે, ધર્મા પ્રોડક્શન્સના પ્રવેશના સમાચાર સાબિત કરે છે કે ગુજરાતી ઈન્ડસ્ટ્રી ઝડપી ગતિએ આગળ વધી રહી છે."

સિદ્ધાર્થ રાંદેરિયાએ કેટલીક હિન્દી ફિલ્મોમાં પણ કામ કર્યું છે, જેમાં સત્યપ્રેમ કી કથાનો સમાવેશ થાય છે, જેમાં તેમણે કિયારા અડવાણીના પિતાની ભૂમિકા ભજવી હતી. તેઓ ચાલ જીવી લઈએના મુખ્ય અભિનેતા હતા, જે અત્યાર સુધીની સૌથી લાંબા સમય સુધી ચાલેલી ગુજરાતી ફિલ્મ છે.સિદ્ધાર્થ ઉપરાંત, 'જિંદગી વન્સ મોર'માં આરતી પટેલ, દીપ ધોળકિયા, જાહ્નવી ઢાકન અને અન્ય કલાકારો પણ છે. તેનું ડિરેક્શન જયમિન દ્વારા કરવામાં આવ્યું છે અને નિર્માણ વસુ ધોળકિયાએ કર્યું છે. સુત્ર દ્વારા મળતી માહિતી મુજબ, ફિલ્મ ૧૯ જૂને સિનેમાઘરોમાં રિલીઝ થવાની અપેક્ષા છે.

# ૮૩ વર્ષના અમિતાભ બચ્ચન હોસ્પિટલમાં દાખલ થયા:દાવો- નાણાવટી હોસ્પિટલના એ-વિંગમાં ૨ દિવસથી દાખલ છે, અભિષેક બચ્ચન પણ ખબર પૂછવા હોસ્પિટલ પહોંચ્યા

બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં દાખલ છે. પત્રકાર વિકી લલવાણીએ યુટ્યુબ એકાઉન્ટ પરથી દાવો કર્યો છે કે તેમને ૧૬ મેના રોજ દાખલ કરવામાં આવ્યા છે. તેઓ હોસ્પિટલના એ-વિંગમાં છે.

યુટ્યુબ ચેનલ પર પોસ્ટ કરાયેલા વીડિયોમાં વિકી લલવાણીએ જણાવ્યું છે કે તેઓ સમાચાર કન્ફર્મ કરવા પોતે નાણાવટી હોસ્પિટલ પહોંચ્યા હતા, જ્યાં તેમને સમાચારની પુષ્ટિ મળી. બિગ બીને એ-વિંગ, ત્રીજા માળે રાખવામાં આવ્યા છે. તેમણે એવો પણ દાવો કર્યો છે કે અભિષેક બચ્ચન પણ પિતાને મળવા મંગળવારે સાંજે ૪:૩૦ વાગ્યે હોસ્પિટલ પહોંચ્યા હતા.રિપોર્ટ અનુસાર, અમિતાભ બચ્ચન લાંબા સમયથી પેટ સંબંધિત સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે.એક એજન્સી દ્વારા ડાયરેક્ટર વિવેક શર્મા સાથે વાતચીત કરી તો તેમણે કહ્યું, 'તેમની તબિયત ખૂબ ખરાબ છે. મેં બે અઠવાડિયા પહેલા તેમની પાસે મળવા માટે સમય માંગ્યો હતો, તો તેમણે કહ્યું કે હાલમાં આની પરવાનગી નથી. એટલે કન્ફર્મ થઈ ગયું હતું કે કાં તો તેઓ હોસ્પિટલમાં છે અથવા ડોક્ટર્સની દેખરેખ હેઠળ છે. મને લાગે છે કે તેમની તબિયત ઘણી ખરાબ છે.'આ ઉપરાંત વાતચીતમાં પરિવારના નજીકના સૂત્રનું કહેવું છે કે અમિતાભ બચ્ચનને રૂટિન ચેકઅપના કારણે દાખલ કરવામાં આવ્યા છે.




# કાનમાં મૌની રોયનું 'બ્લેક મેજિક'!

## મિની ડ્રેસમાં લોકોને દેખાડ્યો 'ડ્રિવોર્સ ગ્લો'; ચાર દિવસ પહેલા છૂટાછેડાની જાહેરાત કરી હતી



પતિ સૂરજ [illegible]યારથી અલગ થવાની જાહેરાત કર્યાના બરાબર ચાર દિવસ પછી, એક્ટ્રેસ મૌની રોય કાન ફિલ્મ ફેસ્ટિવલમાં પહોંચી ગઈ છે. ૧૮ મેના રોજ, તેણે ઈન્સ્ટાગ્રામ પર તેના પહેલા લુકની તસવીરો શેર કરી છે. તેણે તેની સાથે કેપ્શન લખ્યું, 'કાન અને અફરાતફરી, બોન્જોર'.કાન ૨૦૨૬માં પહેલા લુક માટે, મૌની રોયે ક્લાસિક અને મોડર્ન સ્ટાઈલ પસંદ કરી. તેણે સફેદ હોલ્ટર નેક કોલરવાળી બ્લેક શોર્ટ ડ્રેસ પહેર્યો હતો. તેની સાથે તેણે ખભા પર ઓવરસાઈઝ્ડ બ્લેક ટ્રેન્ચ કોટ કેરી કર્યો હતો. મૌની અહીં તેના નવા પ્રોજેક્ટ 'બોમ્બે સ્ટોરીઝ'ના પ્રમોશન માટે પહોંચી છે.મૌની રોય કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં તેના આગામી પ્રોજેક્ટ 'બોમ્બે સ્ટોરીઝ'ને પ્રદર્શિત કરવા પહોંચી છે. આ પ્રોજેક્ટ લેખક સાદત હસન મંટોના કામ પર આધારિત એક સટાયર છે. મૌની માટે આ પ્લેટફોર્મ એટલા માટે પણ ખાસ છે કારણ કે તે આ પહેલા વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૫માં પણ કાનના રેડ કાર્પેટ પર ભાગ લઈ ચૂકી છે. છેલ્લા વર્ષોમાં જ્યાં તેનો લુક હાઈ-ફેશન ડ્રામાથી ભરપૂર હતો, ત્યાં આ વર્ષનો લુક તેની મજબૂત પર્સનલ સ્ટાઈલ દર્શાવે છે.તસવીરો પોસ્ટ કરવાના બરાબર ચાર દિવસ પહેલા એટલે કે ૧૪ મેના રોજ મૌની અને સૂરજ એક કોલેબ પોસ્ટ કરી હતી, જેમાં બંનેએ તેના ચાર વર્ષના લગ્ન સંબંધને સમાપ્ત કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો. આ મુશ્કેલ સમયમાં મૌનીએ મીડિયા અને ચાહકોને ગોપનીયતા અને સન્માન જાળવી રાખવા અપીલ કરી હતી. તેણે લોકોને તેના સંબંધો વિશે ખોટી વાર્તાઓ ન બનાવવા વિનંતી પણ કરી હતી. અંગત જીવનમાં ચાલી રહેલા આ બદલાવ વચ્ચે પોતાના કામને પ્રાથમિકતા આપવી તેની કારકિર્દી પ્રત્યેના સમર્પણને દર્શાવે છે.



# IPLમાં વૈભવનો જલવો



## ઓરેન્જ કેપ સાથે તૂટ્યા અનેક ઐતિહાસિક રેકોર્ડ

### ૨૩૬.૩૨ના સ્ટ્રાઈક રેટથી આન્દ્રે રસેલ અને ૫૩ સિક્સર સાથે ક્રિસ ગેલ પછી બીજા નંબરે

વૈભવ સૂર્યવંશી આઈપીએલની વર્તમાન સીઝનમાં શાનદાર ફોર્મમાં જોવા મળી રહ્યો છે. તેણે માત્ર ઓરેન્જ કેપ પર જ કબજો કર્યો નથી, પરંતુ અનેક ઐતિહાસિક રેકોર્ડ પણ પોતાના નામે નોંધાવ્યા છે.

વૈભવે અત્યાર સુધી ૧૩ મેચોમાં ૪૪.૫૩ની સરેરાશથી કુલ ૫૭૯ રન બનાવ્યા છે, જેના કારણે તે આ સીઝનમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. તેની આક્રમક બેટિંગે વિરોધી બોલરોને ભારે મુશ્કેલીમાં મૂકી દીધા છે.

૫૦૦થી વધુ રન બનાવનાર બેટ્સમેનોમાં વૈભવનો સ્ટ્રાઈક રેટ ૨૩૬.૩૨ રહ્યો છે, જે ઈતિહાસમાં અત્યાર સુધીનો સર્વોચ્ચ છે. તેણે ૨૦૧૯માં આન્દ્રે રસેલ દ્વારા બનાવાયેલા ૨૦૪.૮ના સ્ટ્રાઈક રેટનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે.

વૈભવે આ સીઝનમાં અત્યાર સુધી ૫૩ છગ્ગા ફટકાર્યા છે અને હવે તે એક સીઝનમાં સૌથી વધુ સિક્સર મારવાના મામલે બીજા સ્થાને પહોંચી ગયો છે. આ યાદીમાં માત્ર ક્રિસ ગેલ જ તેની આગળ છે, જેમણે ૨૦૧૨માં ૫૯ સિક્સર ફટકારી હતી.

એક જ ઈનિંગમાં ૧૦ કે તેથી વધુ સિક્સર વૈભવે આ સીઝનમાં ત્રીજી વખત ફટકારી છે. આ મામલે હવે તેની આગળ માત્ર ક્રિસ ગેલ છે, જેમણે ચાર વખત આ સિદ્ધિ મેળવી હતી. વૈભવની આ ધમાકેદાર બેટિંગે તેને આ સીઝનનો સૌથી ચર્ચિત યુવા સ્ટાર બનાવી દીધો છે.

# અર્ધી સદી બાદ 'A' ના નિશાન સાથે વૈભવે કરેલ સેલિબ્રેશનનો શું અર્થ?



IPL ૨૦૨૬ માં, વૈભવ સૂર્યવંશીએ પોતાના બેટથી ઘણી એવી ઈનિંગ્સ રમી છે જેણે મોટામાં મોટા દિગ્ગજોને પણ આશ્ચર્યચકિત કરી દીધા છે. તે ૧૫ વર્ષનો હોઈ શકે છે, પરંતુ તેની બેટિંગ પરિપક્વતા ૩૦ વર્ષના બેટ્સમેનથી ઓછી નથી.

મંગળવારે, રાજસ્થાન રોયલ્સ માટે કરો યા મારો મેચમાં, તેણે ૩૮ બોલમાં ૯૩ રનની તોફાની ઈનિંગ રમી, જેમાં સાત ચોગ્ગા અને ૧૦ છગ્ગાનો સમાવેશ થતો હતો. આ માટે, તેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ પણ મળ્યો. મેચ દરમિયાન, વૈભવના ઉજવણીની તેની અડધી સદી કરતાં વધુ ચર્ચા થઈ. હવે વૈભવે તે ઉજવણી પાછળનું કારણ જાહેર કર્યું છે.

અડધી સદી ફટકાર્યા પછી, વૈભવે 'છ' ચિહ્ન બનાવીને ઉજવણી કરી. લોકો આશ્ચર્યચકિત થયા કે વૈભવે આવું કેમ કર્યું. બધા અનુમાન લગાવવા લાગ્યા કે શું તે કોઈનું નામ હતું કે શું તે કોઈ ખાસ વ્યક્તિ તરફ ઈશારો કરી રહ્યો હતો.

મેચ પછી, જ્યારે વૈભવને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો, ત્યારે કોમેન્ટેટર મુરલી કાર્તિક તેને પૂછ્યું કે તે આ રીતે ઉજવણી કેમ કરે છે. આના પર, ૧૫ વર્ષીય વૈભવ હસ્યો અને નિર્દોષતાથી કહ્યું, "સાહેબ, મને ખબર નથી, હું દરેક મેચમાં કંઈક નવું કરું છું. મેં કોઈ હેતુથી તે કર્યું નથી.''

આ પછી, મુરલી તેને મોટા પડદા પર ઉજવણી કરવાની તેની શૈલી બતાવે છે અને પૂછે છે - આ શું હતું? આના પર વૈભવ કહે છે - સાહેબ, તે બસ એમ જ હતું. આના પર મુરલી કહે છે - આમાં કંઈ નહોતું? આની પાછળ કોઈ અર્થ નથી?

આના પર વૈભવ જવાબ આપે છે - છેલ્લી મેચમાં મેં જે ઉજવણી કરી હતી તેનો પણ કોઈ અર્થ નહોતો, હું દરેક મેચમાં કંઈક નવું કરવાનો પ્રયાસ કરતો રહું છું. આ પછી, વૈભવ અને મુરલી બંને હસવા લાગ્યા. વૈભવની માસૂમિયત દર્શાવે છે કે તે ખરેખર ફક્ત ૧૫ વર્ષનો છે.

# કોલકાતા પ્લેઓફની આશા જીવંત રાખી શકશે કે મુંબઈ બાજી બગાડશે? આજે જંગ

### કોલકાતા માટે 'કરો યા મરો'નો જંગ : હારશે તો સ્પર્ધામાંથી ફેંકાશે



ટુર્નામેન્ટની નબળી શરૂઆતને કારણે મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી રહેલી કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) પાસે IPL પ્લેઓફમાં પહોંચવાની આશા જીવંત રાખવા માટે એક જ વિકલ્પ છે.

તેમને મુંબઈ ઈન્ડિયન્સ (MI) સામે આજની મેચ જીતવી પડશે. પ્લેઓફની દોડમાંથી બહાર થઈ ગયેલી મુંબઈ, KKRની તકો નિષ્ફળ બનાવવા શ્રેષ્ઠ પ્રયાસ કરશે. જો KKR આ મેચ હારી જાય છે, તો અજિંક્ય રહાણેના નેતૃત્વમાં સતત બીજી સિઝન હશે કે તેમની ટીમ પ્લેઓફમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ જશે.

શ્રેયસ ઐયરની કેપ્ટનશીપ હેઠળ ટાઈટલ જીત્યાના એક વર્ષ પછી, ૨૦૨૫ માં KKR આઠમા સ્થાને રહ્યું. મુંબઈ સામેની જીત પણ કોલકાતા માટે પૂરતી નહીં હોય.તેમનું ભવિષ્ય શનિવારે લખનૌ સુપર જાયન્ટ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચેની મેચ પર નિર્ભર રહેશે.

જો પંજાબ તે મેચ જીતી જાય છે, તો રવિવારે દિલ્હી કેપિટલ્સ સામે KKRનો અંતિમ લીગ મેચ માત્ર ઔપચારિકતા રહેશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર, ગુજરાત ટાઈટન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ પહેલાથી જ પ્લેઓફમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરી ચૂક્યા છે, જ્યારે લખનૌ સુપર જાયન્ટ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ બહાર થઈ ગયા છે.

# ભારતને રમતપ્રેમી દેશ નહીં, રમત રમતો દેશ બનાવવાનો છેઃ સચિન

### સફળતા રાતોરાત મળી જતી નથી, તેના માટે તમારે જ મહેનત કરવી પડશે



એક સમય હતો જ્યારે ભારત વિશે એમ કહેવાતું હતું કે આ દેશ ખરેખર રમતપ્રેમી દેશ છે પરંતુ હવે સિનારીયો બદલાઈ ગયો છે અને હવે સ્થિતિ એવી છે કે ભારત રમત રમતો દેશ બન્યો છે તથા આપણે આ દિશામાં હજી પણ મજબૂતીથી આગળ ધપવાનું છે તેમ ભારતના મહાન ક્રિકેટર સચિન તેંડુલકરે જણાવ્યું હતું. જીઈ૧૦ અલ્ટેવોલ એકેડમીના ઉદઘાટન પ્રસંગે શહેરમાં આવેલા સચિન તેંડુલકરે મંગળવારે એક સમારંભમાં યુવાનો તથા બાળકોને સંબોધ્યા હતા અને તેમની સાથે વાતચીત કરી હતી. તેણે જણાવ્યું હતું કે જો વાલીઓ પોતાના બાળકોને સફળ થતા જોવા માગતા હોય તો તેમણે તેમના બાળકને રમતવીર બનાવતી વખતે સ્વતંત્રતા આપવી પડશે. આ ઉપરાંત પ્રોત્સાહન આપવાથી જ સફળતા મળશે. તેણે ઉમેર્યું હતું કે મારા પરિવારે મારી પર કોઈ દબાણ કર્યું નથી, કોઈએ પૂછ્યું નથી કે રન બનાવીને કેમ નથી આવતો. હું મારી ક્લબ કક્ષાની પહેલી બે મેચમાં ઝીરોમાં આઉટ થયો હતો અને ત્યાર બાદ ત્રીજી મેચમાં એક રન કર્યો ત્યારે મને સંતોષ થયો હતો કે કમ સે કમ મેં એક રન તો કર્યો. દર વખતે સફળતા નહીં મળે પણ મહેનત દર વખતે કરવી પડશે અને તે માટે ખાસ તૈયારી પણ કરવી પડશે.

સફળતાની કોઈ ગેરન્ટી નથી પણ તમારી તૈયારી, મહેનત, ફોકસ વિગેરે બાબતો બાબતો કામ કરે છે તે તમારા હાથમાં છે તેમ કહીને સચિન તેંડુલકરે ઉમેર્યું હતું કે પ્રતિભા ભગવાનના આશીર્વાદ છે પરંતુ તમે જે કાંઈ કરો છો તેનું પરિણામ તમારા હાથમાં નથી. મેં એવા ઘણા પ્રતિભાશાળી ક્રિકેટર જોયા છે પરંતુ તેમનું પરિણામ હંમેશાં સારું રહ્યું નથી કેમ કે તેના માટે રમવું, તૈયારી કરવી આ તમામ મહેનત કરવી જરૂરી છે અને તેના માટે તમારે ઘણું બલિદાન આપવું પડશે.

આ પ્રસંગે હાલમાં કોચિંગ લઈ રહ્યા હોય તે બાળકો એવા હતા જેઓ સચિન તેંડુલકરે નિવૃત્તિ લીધી ત્યાર બાદ જન્મયા હોય અને તેમનામાં પણ સચિનની લોકપ્રિયતા અપાર હતી. આ બાળકોને માર્ગદર્શન આપતાં સચિને જણાવ્યું હતું કે તમે ભારત માટે રમવા માગો છો તો તમારે કેટલીક ચીજો કરવી પડશે અને તેમાં શોર્ટ કટ હોતો નથી અને જો તમે શોર્ટ કટ લેશો તો સમગ્ર દુનિયા સામે ખુલ્લા પડી જશો કેમ કે ક્રિકેટ મહેનતની રમત છે અને તેમાં તમારે જાતે જ કાંઈક કરવું પડશે. એકેડમી વિશે તેણે જણાવ્યું હતું કે સારા ખેલાડી અને સારા માનવીનું ઘડતર કરવા માટે એકેડમી જાણીતી હોવી જોઈએ. આ જવાબદારી માત્ર એકેડમીની નથી પરંતુ વાલી સહિત તમામે સાથે મળીને કામ કરવું જોઈએ અને ખેલાડીએ સ્વયં શિસ્તથી આગળ વધવું જોઈએ. તેના માટે એકેડમી તમને માર્ગદર્શન આપી શકે વાલીઓને ખાતરી આપો કે દબાણ કરશો નહીં, ક્યારેય ના પૂછો કે ક્યારે રન કરીશ, સારું કેમ રમતો નથી તેની પાસેથી વધુ અપેક્ષા રાખો નહીં કેમ કે ખરેખર તો નિષ્ફળત જ સફળતાનો પાયો છે. દરેક બેટર આઉટ થાય છે, દરેક બોલર રન આપે છે તે સામાન્ય છે. કોઈ સામેથી નિષ્ફળ થવા માગતા નથી. તમે સફળતા અને નિષ્ફળતમાં બેલેન્સ દેખાડો અને તમે જે રિએક્ટ કરશો તેના પર ઘણો આધાર છે તેમ તેણે ઉમેર્યું હતું. શહેરના એસજી હાઈવે નજીક આવેલી આ જીઈ૧૦ સ્પોર્ટ્સ એકેડમી પ્રોફેશનલ કોચિંગ, ફિટનેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખેલાડીના સર્વાંગી વિકાસ માટે તાલીમ કાર્યક્રમો દ્વારા રમતના વિકાસમાં યોગદાન આપી રહી છે. અમદાવાદમાં સચિનના સમર્થનથી શરૂ થયેલી આ બીજી એકેડમી છે. પહેલી એકેડમી નવી મુંબઈના ડીવાય પાટીલ સ્પોર્ટ્સ એકેડમીમાં આવેલી ફ્લેગશિપ એસઆરટી૧૦ ગ્લોબલ એકેડમી હોવાનું એસઆરટી૧૦ના સીઈઓ ચિરાગ પટેલે જણાવ્યું હતું.

# અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ, વન-ડે સિરીઝ માટે ટીમ ઈન્ડિયા જાહેર

અફઘાનિસ્તાન સામેની આગામી ટેસ્ટ અને વન-ડે સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. પસંદગીકારોએ આ વખતે અનુભવી અને યુવા ખેલાડીઓ વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કર્યો છે. વન-ડે અને ટેસ્ટ બંને ટીમની કેપ્ટનશિપ શુભમન ગિલને સોંપાઈ છે.

ટેસ્ટ અને વન-ડે ટીમમાં મળીને કુલ ૪ નવા ખેલાડીઓને તક અપાઈ છે. તેમાં એવા ખેલાડીઓ પણ સામેલ છે જેમનું આઈપીએલમાં પ્રદર્શન શાનદાર રહ્યું હતું. અફઘાનિસ્તાન સામેની આ સિરીઝમાં કુલ ૪ નવા ચહેરાને તક મળી છે, જેમાં માનવ સુથાર, ગુરનૂર બ્રાર, હર્ષ દુબે અને પ્રિન્સ યાદવ સામેલ છે. હર્ષ દુબે અને ગુરનૂર બ્રારનો ટેસ્ટ અને વન-ડે બંને ટીમમાં સમાવેશ કરાયો છે, જ્યારે પ્રિન્સ યાદવ માત્ર વન-ડે ટીમમાં છે.

રિષભ પંતને વન-ડે સ્ક્વોડમાં સ્થાન મળ્યું નથી. રોહિત શર્મા અને હાર્દિક પંડ્યા ફિટનેસ ક્લિયર થયા બાદ વન-ડે સિરીઝમાં હશે. કે. એલ. રાહુલ જ વન-ડે સિરીઝમાં વિકેટ કીપિંગની જવાબદારી સંભાળશે. ટેસ્ટ અને વન-ડે બંને સિરીઝ માટે શુભમન ગિલ કેપ્ટનશિપ કરી રહ્યો છે.

ટેસ્ટમાં કેએ. એલ. રાહુલ વાઈસ કેપ્ટન રહેશે, જ્યારે રિષભ પંત પાસેથી વાઈસ કેપ્ટન પદ છીનવાઈ ગયું છે. યશસ્વી જયસ્વાલ, સાઈ સુદર્શન અને દેવદત્ત પડિક્કલ જેવા બેટ્સમેનો પર મોટી જવાબદારી રહેશે. વિકેટ કીપિંગની જવાબદારી રિષભ પંત અને ધ્રુવ જુરેલ સંભાળશે. ટેસ્ટમાં બોલિંગમાં મોહમ્મદ સિરાજ, પ્રસિધ કૃષ્ણા અને કુલદીપ યાદવ અનુભવી વિકલ્પો હશે, જ્યારે યુવા ખેલાડીઓને પણ પોતાની જાતને સાબિત કરવાની તક મળશે.


# મોહમ્મદ શમી સાથે ફરી અન્યાય? વર્લ્ડ કપ સ્ટાર અંગે અજિત અગરકરનું વિચિત્ર નિવેદન ચર્ચામાં

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમીના ફેન્સ અને સ્થાનિક ક્રિકેટમાં તેના શાનદાર પ્રદર્શનને જોનારાઓ માટે એક આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. અફઘાનિસ્તાન સામેની આગામી એક ટેસ્ટ અને ત્રણ વનડે મેચની સિરીઝ માટે શમીની પસંદગી કરવામાં આવી નથી. આ અંગે ચીફ સિલેક્ટર અજીત અગરકરે આપેલા નિવેદનથી નવો વિવાદ શરૂ થયો છે.



અફઘાનિસ્તાન સામે રમાનારી એકમાત્ર ટેસ્ટ અને ત્રણ મેચની વનડે સિરીઝ માટે જ્યારે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી, ત્યારે તેમાં મોહમ્મદ શમીનું નામ ગાયબ હતું. આ નિર્ણયે દરેકને આશ્ચર્યમાં મૂકી દીધા છે, કારણ કે શમીએ વર્ષ ૨૦૨૫-૨૬ ની સ્થાનિક સીઝનમાં ત્રણેય ફોર્મેટમાં ઘાતક બોલિંગ કરી હતી. શમીએ આ સીઝનમાં ડોમેસ્ટિક ક્રિકેટમાં કુલ ૬૭ વિકેટ ઝડપી હતી, જેના આંકડા નીચે મુજબ છે:ટીમની જાહેરાત બાદ યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ચીફ સિલેક્ટર અજીત અગરકરે શમીને બહાર રાખવા પાછળનું એક ચોંકાવનારું કારણ આપ્યું હતું. અગરકરે જણાવ્યું કે, "ટેસ્ટ ટીમમાં શમીના સિલેક્શનને લઈને કોઈ ચર્ચા થઈ નથી. મેડિકલ ટીમ તરફથી અમને જે રિપોર્ટ મળ્યો છે તે મુજબ, હાલ તેમનું શરીર માત્ર T20 ક્રિકેટ રમવાની જ પરવાનગી આપે છે. અમને ખબર છે કે તેઓ આ વર્ષે સ્થાનિક ક્રિકેટ રમ્યા છે, પરંતુ લાંબા ફોર્મેટ (ટેસ્ટ અને વનડે) માટે તેઓ હજુ સંપૂર્ણ રીતે તૈયાર નથી."

# હવે મિશન ૨૦૨૭ : ટીમ પસંદગીમાં સંકેત







મુખ્ય પસંદગીકાર અજીત અગરકરએ મંગળવારે માત્ર ટીમની જાહેરાત જ કરી નથી, પરંતુ ભારતીય ક્રિકેટના ભવિષ્યની એક સ્પષ્ટ અને કડક દિશા પણ રજૂ કરી છે. તેમણે સંકેત આપ્યો કે, હવે પસંદગીકારોનું મુખ્ય લક્ષ્ય ૨૦૨૭ના વનડે વર્લ્ડ કપ માટે મજબૂત ટીમ તૈયાર કરવાનો છે.સૌથી મોટો સંદેશ ઋષભ પંત વિશે હતો. ટેસ્ટમાં તેની સતત હાજરી અને ODI ટીમમાંથી તેની બહાર રહેવું દર્શાવે છે કે તે હાલમાં મર્યાદિત ઓવરની યોજનાઓમાં નથી. અગરકરે સ્પષ્ટપણે કહ્યું કે, પંત ભારતનો મુખ્ય ટેસ્ટ બેટ્સમેન છે અને ટીમ ઈચ્છે છે કે તે તે ક્ષેત્રમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરે.વધુમાં, ODI ટીમમાં KL રાહુલ સાથે બેકઅપ વિકેટકીપર તરીકે ઈશાન કિશનનો સમાવેશ સૂચવે છે કે સફેદ બોલ ફોર્મેટમાં વિકલ્પોનો એક નવો સ્તર ઉભરી રહ્યો છે. KL રાહુલ સાથે તેની પસંદગી ૨૦૨૭ વર્લ્ડ કપનો સંકેત છે. આ વિશે પૂછવામાં આવતા, અગરકરે કહ્યું કે, આ સમયે આ શ્રેષ્ઠ વિકલ્પ હતો.સ્પિન વિભાગ સૌથી રસપ્રદ લાગ્યો. જાડેજાને આરામ આપવામાં આવ્યો અને અક્ષર પટેલને બહાર રાખવામાં આવ્યા બાદ, ભારતે ભવિષ્યના વિકલ્પો શોધવાનું શરૂ કરી દીધું છે.હર્ષ દુબે અને માનવ સુથારની પસંદગી સૂચવે છે કે તેઓ એવા સ્પિન ઓલરાઉન્ડરો શોધી રહ્યા છે, જે દક્ષિણ આફ્રિકાની પરિસ્થિતિમાં ટીમને સંતુલન આપી શકે. અગરકરે પોતે સ્વીકાર્યું કે આગામી ૧૫-૧૬ મહિનામાં નવા વિકલ્પો શોધવામાં આવશે.ઋષભ પંત ઉપરાંત ધ્રુવ જુરેલ, આયુષ બડોની, રવિન્દ્ર જાડેજા, હર્ષિત રાણા અને મોહમ્મદ સિરાજને પણ વનડે ટીમમાંથી બહાર કરવામાં આવ્યા છે. જોકે હર્ષિત હાલમાં ઈજામાંથી સાજા થઈ રહ્યા હોવાથી તેઓ આઈપીએલમાં પણ રમી શક્યા નહોતા. આ તમામ ખેલાડીઓ જાન્યુઆરીમાં ન્યૂઝીલેન્ડ સામે રમાયેલી શ્રેણીનો ભાગ હતા, જેમાં ભારતીય ટીમને ૧-૨થી હારનો સામનો કરવો પડ્યો હતો.

# VGRC એટલે પ્રાદેશિક વિકાસને વૈશ્વિક દિશા આપતો સશક્ત મંચ

## વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (દક્ષિણ ગુજરાત) દ્વારા પ્રદેશને રાજ્યના આર્થિક વિકાસના મજબૂત એન્જિન તરીકે નવી ઓળખ મળી

સુરત, તા.૨૦

ગાંધીનગર, ૧૯ મે ૨૦૨૬: દક્ષિણ ગુજરાતના સર્વાંગી વિકાસને વૈશ્વિક રોકાણ અને ઉદ્યોગ સાથે જોડવા માટે તારીખ ૧ અને ૨ મે ૨૦૨૬ ના રોજ સુરત સ્થિત ઑરો યુનિવર્સિટી ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC) ૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય કોન્ફરન્સ દરમિયાન કુલ ૨,૭૯૨ એમઓયુ થયા હતા, જેના દ્વારા અંદાજે ?૩.૫૩ લાખ કરોડના રોકાણ પ્રસ્તાવો પ્રાપ્ત થયા હતા. આ આંકડા દક્ષિણ ગુજરાત પ્રત્યે વધી રહેલા રોકાણકારોના ઊંડા રસ અને વૈશ્વિક વિશ્વાસને પ્રદર્શિત કરે છે.

ભરૂચ, ડાંગ, નવસારી, સુરત, તાપી અને વલસાડ જિલ્લાઓને કેન્દ્રમાં રાખીને યોજાયેલી આ કોન્ફરન્સમાં દેશ-વિદેશના રોકાણકારો, ઉદ્યોગકારો અને નીતિનિર્માતાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ફ્ય્ઇઝ્ર દક્ષિણ ગુજરાતમાં ૨૦ હજારથી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓએ નોંધણી કરાવી હતી, જ્યારે ૨૭ દેશોના ૧૫૦થી વધુ વિદેશી પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો, જે વૈશ્વિક સ્તરે વધી રહેલી ગુજરાતની મજબૂત ઉપસ્થિતિને પ્રતિબિંબિત કરે છે. VGRCના આ સંસ્કરણમાં જાપાન, સિંગાપોર, રવાન્ડા અને યુક્રેન ભાગીદાર દેશો તરીકે જોડાયા હતા. કોન્ફરન્સને જાપાન એક્સટર્નલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (JETRO), યુએસ-ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમ (USISPF), અમેરિકન ચેમ્બર ઑફ કોમર્સ ઇન ઇન્ડિયા (AMCHAM), કોરિયા ટ્રેડ-ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સી (KOTRA) તેમજ રશિયન ફેડરેશનના ટ્રેડ રિપ્રેઝન્ટેશન જેવા પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સંગઠનોનો સહયોગ પ્રાપ્ત થયો હતો. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧ મે, ૨૦૨૬ ના રોજ સુરત ખાતે યોજાયેલી આ રીજનલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું હતું. ગુજરાતના માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ઉદ્ઘાટન સત્ર દરમિયાન સભાને સંબોધિત કરી હતી. ઉદ્ઘાટન દિવસે ઉપસ્થિત રહેલા મહાનુભાવોમાં ભારત સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી શ્રી હરદીપસિંઘ પુરી અને ભારત સરકારના માનનીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા.આ સત્રમાં ભાગ લેનારા વિદેશી પ્રતિનિધિઓમાં ભારતમાં જાપાનના રાજદૂત મહામહિમ શ્રી કેઈચી ઓનો, ભારતમાં સિંગાપોરના હાઈ કમિશનર મહામહિમ શ્રી સિમોન વોંગ, ભારતમાં યુક્રેનના એક્સ્ટ્રાઓર્ડિનરી એન્ડ પ્લેનીપોટેન્શિયરી (અસાધારણ અને પૂર્ણાધિકાર પ્રાપ્ત) રાજદૂત મહામહિમ ડૉ. ઓલેક્ઝાન્ડર પોલિશચુક, ભારતમાં રવાન્ડાના હાઈ કમિશનર મહામહિમ સુશ્રી જેકલીન મુકાંગીરા અને ભારતમાં સેશેલ્સના હાઈ કમિશનર મહામહિમ શ્રીમતી લલાટિયાના એકુશે ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ દિવસે કાર્યક્રમમાં હાજર રહેલા ઉદ્યોગજગતના અગ્રણીઓમાં એસોચેમના પ્રેસિડેન્ટ શ્રી નિર્મલ મિન્ડા, નિપ્પોન સ્ટીલ કોર્પોરેશનના મેનેજિંગ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી નોબુઓ ઓકોચી, AM/NS ઈન્ડિયાના સીઈઓ શ્રી દિલીપ ઓમેન, હરિ કૃષ્ણ એક્સપોર્ટ્સના ચેરમેન શ્રી સવજીભાઈ ધોળકિયા (પદ્મશ્રી), ડોનેટ લાઈફના સ્થાપક અને પ્રમુખ શ્રી નિલેશ માંડલેવાલા (પદ્મશ્રી), કિરણ હોસ્પિટલ્સના ચેરમેન શ્રી મથુરભાઈ સવાણી (પદ્મશ્રી) તેમજ શિક્ષક, લેખક અને અભિનેતા શ્રી યઝદી કરંજિયા (પદ્મશ્રી)નો સમાવેશ થાય છે. કોન્ફરન્સના બીજા દિવસે એટલે કે ૨ મેના રોજ યોજાયેલા સમાપન સત્રમાં માનનીય કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી શ્રી જે. પી. નડ્ડા ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે આ સત્રમાં સંબોધન કર્યું હતું. કોન્ફરન્સની સાથે-સાથે, ૧ થી ૫ મે, ૨૦૨૬ દરમિયાન ૧૨ હજાર ચોરસ મીટરમાં વિસ્તારમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન (VGRE) નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ એક્ઝિબિશનમાં એન્જિનિયરિંગ, કૃષિ, ટેક્સટાઈલ, જેમ્સ એન્ડ જવેલરી, નવીનીકરણીય ઊર્જા, MSME અને સ્ટાર્ટઅપ્સ સહિતના વિવિધ ક્ષેત્રોના ૩૦૦થી વધુ પ્રદર્શકોએ ભાગ લીધો હતો. પાંચ દિવસ દરમિયાન ૭૦ હજારથી વધુ મુલાકાતીઓએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. એક્ઝિબિશનનું મુખ્ય આકર્ષણ બનેલી રિવર્સ બાયર-સેલર મીટ (RBSM) થકી ૧,૨૧૦થી વધુ એમઓયુ થયા હતા અને અંદાજે ?૫૮૦ કરોડથી વધુની નિકાસલક્ષી બિઝનેસ ઈન્કવાયરીઓ કરવામાં આવી હતી. આ દરમિયાન આયોજિત થયેલી ૪,૨૦૦થી વધુ સ્ટ્રક્ચર્ડ B2B બેઠકોએ ૫૯ આંતરરાષ્ટ્રીય ખરીદદારોને ગુજરાતના ૧,૨૦૦થી વધુ વેચાણકારો સાથે સીધા જોડ્યા હતા.

VGRE અંતર્ગત યોજાયેલા ઉદ્યમી મેળામાં ?૩૦૦ કરોડથી વધુના સૈદ્ધાંતિક મંજૂરી પત્રો જારી થયા હતા. બેંકો દ્વારા સ્જીસ્ઈ ઉદ્યોગસાહસિકોને પણ ?૧,૬૫૦ કરોડથી વધુના મંજૂરી પત્રો આપવામાં આવ્યા હતા. વધુમાં, સ્પર્ધાત્મકતાને મજબૂત બનાવવા અને સ્થાનિક કળા-કારીગરી ઓળખ આપવા માટે ક્વૉલિટા કાઉન્સિલ ઑફ ઈન્ડિયા (QCI) દ્વારા ૨૦૦થી વધુ ZED પ્રમાણપત્રો અને ૧૦૦થી વધુ આર્ટીઝન કાર્ડ પણ જારી કરવામાં આવ્યા હતા. ૨ મેના રોજ યોજાયેલા સમાપન સત્ર દરમિયાન કુલ ૧૦ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા, જેમાં આઠ MSME એકમો અને બે કારીગરોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એક્ઝિબિશન કે જેમાં દક્ષિણ ગુજરાતની કૃષિ, હસ્તકલા અને સ્થાનિક ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂ કરવામાં આવ્યા હતા, તેમાં કુલ વેચાણનો આંક ૩૮ લાખ સુધી પહોંચ્યો હતો. ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા પ્રોત્સાહિત મહિલા ઉદ્યોગસાહસિકોએ અંદાજે ૧૪ લાખનો વ્યવસાય કર્યો હતો. મેંગો ફેસ્ટિવલમાં ૮ લાખનું વેચાણ થયું હતું, જ્યારે iNDEXTc દ્વારા સ્પોન્સર કરવામાં આવેલા કારીગરોએ ૫.૫૫ લાખથી વધુનું વેચાણ નોંધાવ્યું હતું. ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપનીએ પ્રમોટ કરેલા સખી મંડળોએ ૫ લાખથી વધુના ઉત્પાદનોનું વેચાણ કર્યું હતું, જ્યારે ટ્રાઈબલ હાટે ૫.૩૧ લાખનું વેચાણ નોંધાવ્યું હતું. કોન્ફરન્સ દરમિયાન વિદેશી પ્રતિનિધિઓએ લેબ-ગ્રોન ડાયમંડ, ફૂડ પ્રોસેસિંગ અને ટેક્સટાઈલમાં વિશેષતા ધરાવતા એકમોની ઔદ્યોગિક મુલાકાતો દ્વારા પ્રદેશની ઔદ્યોગિક શક્તિનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો. પ્રાદેશિક ક્ષમતાઓને વૈશ્વિક દ્રષ્ટિકોણ સાથે જોડીને, સુરત ખાતે યોજાયેલી રીજનલ કોન્ફરન્સે રાજ્યના વધુ આર્થિક વિકાસ માટેના એન્જિન તરીકે દક્ષિણ ગુજરાતની સ્થિતિને વધુ મજબૂત બનાવી છે.



# સાવરકુંડલા તાલુકામાં ૨.૬૫ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરાયું

## દેતડ ગામે રૂપિયા ૨૫ લાખના ખર્ચે નિર્માણ પામેલ નવી ગ્રામ પંચાયત કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું

સાવરકુંડલા, તા.૨૦

ધજડી ગામના બોઘરયાણી વિસ્તારમાં રૂપિયા ૧.૨૦ કરોડના ખર્ચે બનેલ માઈનોર બ્રિજ, પ્રોટેક્શન વોલ તથા સીસી રોડના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું. સાવરકુંડલા તાલુકાના દેતડ, ખોડીયાળા અને ધજડી ગામે વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત રૂ. ૨.૬૫ કરોડ ખાતમુહૂર્ત તથા લોકાર્પણ યોજાયો આજ રોજ સાવરકુંડલા તાલુકાના વિવિધ ગામોમાં વિકાસલક્ષી કાર્યોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમ દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક સુવિધાઓ અને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ થાય તે દિશામાં મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા હતા. દેતડ ગામે રૂપિયા ૨૫ લાખના ખર્ચે નિર્માણ પામેલી નવી ગ્રામ પંચાયત કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવી કચેરીથી ગામના નાગરિકોને વધુ સુવિધાજનક અને સુવ્યવસ્થિત વહીવટી સેવા ઉપલબ્ધ બનશે.

ખોડીયાના ગામે રૂપિયા ૧ કરોડ ૨૦ લાખના ખર્ચે બનનાર ખોડીયાળા-બગોયા નોન પ્લાન રોડ (સીસી રોડ તેમજ નાળા) ના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ માર્ગ બનતા સ્થાનિક લોકોને અવરજવર માટે વધુ સુવિધા મળશે તેમજ વરસાદી પાણીના નિકાલની સમસ્યામાં પણ રાહત મળશે.

આ ઉપરાંત ધજડી ગામે રૂપિયા ૧ કરોડ ૨૦ લાખના ખર્ચે બનેલા બોઘરયાણી માઈનોર બ્રિજ, પ્રોટેક્શન વોલ તેમજ સીસી રોડના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ વિકાસ કાર્યો ગ્રામજનો માટે સલામત અને સરળ વાહન વ્યવહાર સાથે ગામના વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થશે.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત આગેવાનો દ્વારા રાજ્ય સરકાર અને સ્થાનિક તંત્ર દ્વારા ગામડાઓમાં કરવામાં આવી રહેલા વિકાસ કાર્યોને ગ્રામ વિકાસ માટે મહત્વપૂર્ણ ગણાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો, ગ્રામજનો, કાર્યકર્તાઓ તથા અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# શૈક્ષણિક સંસ્થાઓ પાસે તમાકુના વેચાણ અંગે તપાસ

## તમાકુ પ્રોડક્ટનું વેચાણ કરનાર ૧૩૩ લોકો દંડાયા

સુરત, તા.૨૦

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદર્શન હેઠળ તમાકુ નિયંત્રણ અધિનિયમ—૨૦૦૩ની કલમ—૪ મુજબ જાહેર સ્થળે ધ્રુમપાન કરવા પર પ્રતિબંધ, કલમ—૬ (અ અને બ) મુજબ સગીર વયની વ્યક્તિને તેમજ શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ મી. ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર પ્રતિબંધનો ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિ થાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.જે અંતગત તા. ૧૯/૦૫/૨૦૨૬ નાં રોજ રાંદેર ઝોન માં કુલ ઈસમો ૧૮ પાસે કુલ રુપિયા ૩૬૦૦, સેન્ટ્રલ ઝોનમાં કુલ ઈસમો ૧૯ અને કુલ રુપિયા ૩૮૦૦, કતારગામ ઝોનમાં કુલ ઈસમો કુલ ઈસમો ૧૮ અને કુલ રુપિયા ૩૬૦૦, વરાછા—એ ઝોનમાં કુલ ઈસમો ૧૫ પાસે કુલ રુપિયા ૩૦૦૦, વરાછા—બી ઝોનમાં કુલ ઈસમો ૧૫ અને કુલ રુપિયા ૩૦૦૦, ઉધના — એ ઝોનમાં કુલ ઈસમો ૧૫ અને કુલ રુપિયા ૩૦૦૦, ઉધના — બી ઝોનમાં કુલ ઈસમો ૧૧ અને કુલ રુપિયા ૨૨૦૦, અઠવા ઝોનમાં કુલ ઈસમો ૧૪ પાસે કુલ રુપિયા ૨૮૦૦, લિંબાયત ઝોનમાં કુલ ઈસમો ૧૧ પાસે કુલ રુપિયા ૨૨૦૦, સાથે સુરત મહાનગર પાલિકાનાં તમામ ઝોન મળીને કુલ ઈસમો ૧૩૩ પાસે કુલ ૨૬,૬૦૦ રુપિયાનો દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

# આરએસએસ દ્વારા રામનગરમાં સામાજિક સદભાવના બેઠક મળી

સુરત, તા.૨૦

સામાજિક સદભાવના સમિતિ શ્રી રામનગર સુરત (પાલનપુર પાટિયા થી જહાંગીર પરા) વિસ્તારમાં રહેતા જુદી જુદી સોસાયટીઓ ના આગેવાનોને એકત્રિત કરી સામાજિક સદભાવના બેઠક કરી હતી જેમાં આપણો સમાજ, મૂલ્ય ,સંસ્કાર અને સહ અસ્તિત્વના આધાર પર નિર્મિત વસુધૈવ કુટુંબકમ ના સિદ્ધાંતના આધારે વિવિધ સમાજ પ્રત્યે સન્માન સમજ અને આદર વધારવાનો આ એક પ્રયાસ સયોજક શ્રી સંદીપ સોલંકી દ્વારા કરવામાં આવ્યો હતો.આ બેઠકમાં વિવિધ સમાજના પ્રતિનિધિઓ હાજરી આપી વિચારોનો આદાન-પ્રદાન કરી સામાજિક એકતા અને સદભાવના ને વધુ સારી બનાવવાનો પણ ઉદ્દેશ હતો.

# પાંડેસરામાં યુવતીનો પીછો કરી રસ્તામાં યુવકે છેડતી કરી

## યુવતીને યુવક વારંવાર ફોન કરીને ધમકી પણ આપતો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૦**

પાંડેસરામાં યુવતીનો સતત પીછો કરી હેરાન પરેશાન કરનાર તેમજ રસ્તામાં રોકી છેડતી કરનાર શખ્સ સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. બનાવને લઈને પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાંડેસરા વિસ્તારના નાગસેનનગરમાં રહેતો સોહિલ નામનો યુવક છેલ્લા એક વર્ષથી ફરિયાદીની દીકરીનો પીછો કરતો હતો. યુવતી સોસાયટીમાં કે ટ્યુશન જતી હોય ત્યારે આરોપી તેનો પીછો કરી વારંવાર ફોન કરીને હેરાન કરતો હતો. સાથે જ ધાકધમકી પણ આપતો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ગત ૧૫ મેના રોજ સાંજના સમયે યુવતી ટ્યુશન જતી હતી ત્યારે આરોપી સોહિલે રસ્તામાં તેને રોકી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ આરોપીએ યુવતીને બાઈક પર બેસાડી ચાલુ મોટર સાઇકલ પર તેની છેડતી કરી ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

# ટ્રાયલ કોર્ટની એક વર્ષની સજા મંજૂર રાખતી સેશન્સ કોર્ટ

## ઝકરીયા કાપડિયાએ કોર્ટના ચૂકાદાને સેસન્સમાં પડકાર્યો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૦**

રૂ.૭ લાખના ચેક રિટર્ન કેસમાં રોયલ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના નામે વ્યવસાય કરતા ઝકરીયા કાપડિયાને ટ્રાયલ કોર્ટે કરેલી ૧ વર્ષની સજા સેશન્સ કોર્ટે મંજૂર રાખી હતી.

કોર્ટમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ચોક બજાર વડા ચૌટા નેશનલ બેકરી પાસે રહેતા મિયા મોહમ્મદ પુનાવાલાએ નાણાવટ ખાતે રહેતા તેમના મિત્ર ઝકરીયા કાપડિયાના પિતા ઉમર કાપડિયાને ૭ લાખ હાથ ઉછીના આપ્યા હતા. જેથી ઝકરીયાએ ચુકવણી પેટે ચેકો આપ્યા હતા. જે ચેકો રિટર્ન થતા ઝકરીયાને કોર્ટે ૧ વર્ષની સજા કરી હતી. આરોપી ઝકરીયાએ ટ્રાયલ કોર્ટનો હુકમ સેશન્સ કોર્ટમાં પડકાર્યો હતો. ઝકરીયા તરફે દલીલ થઈ હતી કે, આ ચેકો તેના પિતાની જાણ બહાર મેળવી લઈ ખોટો કેસ કર્યો છે. નોટબંધીના સમયે આટલી મોટી રકમ આપવી શંકાસ્પદ છે. ચેકનો દૂરપયોગ કરવામાં આવ્યો છે. ટ્રાયલ કોર્ટનો ચૂકાદો ભૂલ ભરેલો છે. આરોપીએ તેની ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે વિવાદીત ચેકો તેના જ બેંક ખાતાના છે અને તેનાપર તેની જ સહીઓ છે.

સુપ્રિમ કોર્ટના વિવધ ચુકાદાઓ મુજબ જ્યારે આરોપી ચેક પરની સહીનો સ્વીકાર કરે છે. ત્યારે નેગો.ઈન્સ્ટ્રુ.એક્ટની કલમ ૧૧૮ અને ૧૩૯ હેઠળ ફરિયાદીની તરફેણમાં કાયદેસરના દેવાની પ્રાથમિક ધારણા આપોઆપ ઉભી થાય છે. કોર્ટે નોંધ્યું કે આરોપી કાયદેસરની ધારણાને ખોટી સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યો છે.

# પેપર મીલમાં કામ કરતો મજૂર અકસ્માતે ગંભીર રીતે દાઝી ગયો

## દાઝી ગયેલો પરપ્રાંતિય શ્રમિક સારવાર હેઠળ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૦**

સુરત જિલ્લાના બારડોલી તાલુકાના તરભોણ ગામ સ્થિત નેક્ષોન પેપર મીલ કંપનીમાં કામ દરમિયાન એક મજૂર ગંભીર રીતે દાઝી જવાનો બનાવ સામે આવ્યો છે. ઘટનાને લઈ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નોંધ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ મૂળ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ જિલ્લાના રહેવાસી અને હાલ તરભોણ ગામ ખાતે આવેલી નેક્ષોન કંપનીની લેબર કોલોનીમાં રહેતા રાજુભાઇ રામસેવક ડામીયા કંપનીમાં મજૂરી કામ કરે છે. ગત ૧૯ મેના રોજ મધરાત્રીના સમયે તેઓ પાવડર પકવવાની ટાંકીમાં પાવડર નાખવાનું કામ કરી રહ્યા હતા. તે દરમિયાન ટાંકીમાંથી પેપર બનાવવાનું રો મટીરીયલ બહાર આવવા લાગ્યું હતું. જેથી રાજુભાઇ ઓપરેટરને જાણ કરવા જતાં હતા. ત્યારે નીચે પડેલા રો મટીરીયલ ઉપર પગ લપસતા તેઓ સીધા જ તેમાં પડી ગયા હતા. ઘટનામાં તેમના જમણા હાથના કાંડા, બન્ને પગની એડી તથા કમરથી નીચેના પાછળના ભાગે ગંભીર દાઝાની ઈજા પહોંચી હતી. બનાવ બાદ તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર મામલે બારડોલી રૂરલ પોલીસે જાણવા જોગ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### પહેલા પાનાનું ચાલુ

### ઈટાલીમાં

મિત્રાતાને વધુ મજબૂત કરવા અંગે ચર્ચા ચાલુ રહેશે. બંને નેતાઓ વચ્ચે વેપાર, રોકાણ, એડવાન્સ ટેકનોલોજી અને વૈશ્વિક મુદ્દાઓ પર વાતચીત થવાની સંભાવના છે.

### કોકરોચ

આળસુ, ક્રોનિકલી ઓનલાઈન અથવા કોકરોચ કહીને અપમાનિત કરવામાં આવે છે અને આ અભિયાન તે માનસિકતાના વિરોધરૂપે ઉભું થયું છે.

સોશિયલ મીડિયા પર પાર્ટીની લોકપ્રિયતા ઝડપથી વધી રહી છે. ઈન્સ્ટાગ્રામ, એક્સ અને અન્ય પ્લેટફોર્મ્સ પર લાખો લોકો આ અભિયાન સંબંધિત પોસ્ટ્સ, મીમ્સ અને વિડિઓઝ શેર કરી રહ્યા છે. પાર્ટીએ દાવો કર્યો છે કે ૭૨ કલાકમાં ૩૦ લાખથી વધુ સભ્યો નોંધાયા હતા. વેબસાઈટ પર ઝીરો સ્પોન્સર્સ, વન સ્ટબર્ન સ્વોર્મ જેવા સૂત્રો પણ મૂકવામાં આવ્યા છે.

### જી-૭ સમિટ

ના કાર્યોમાં ભારતના યોગદાન પર ભાર મૂક્યો હતો."

જો કે, ભારત ૭૭ નું સભ્ય નથી, તેમ છતાં ફ્રાન્સે તેને એક ભાગીદાર દેશ તરીકે આમંત્રિત કર્યું છે. ટ્રમ્પ વચ્ચે છેલ્લી મુલાકાત ફેબ્રુઆરી ૨૦૨૫માં વોશિંગ્ટન ડીસીમાં થઈ હતી. તે સમયે વડાપ્રધાન મોદી, અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પના બીજા કાર્યકાળની શરૂઆત પછી અમેરિકાના સત્તાવાર પ્રવાસે ગયા હતા.

વ્હાઈટ હાઉસમાં બંને નેતાઓ વચ્ચે અંદાજે ચાર કલાક સુધી વાતચીત થઈ હતી. તે બેઠકમાં પ્રાદેશિક સુરક્ષા, વેપાર કરારો અને વ્યૂહાત્મક ભાગીદારી જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બંને નેતાઓએ સંયુક્ત રીતે મીડિયાને પણ સંબોધન કર્યું હતું.

હવે ફ્રાન્સમાં યોજાનારી સંભવિત મુલાકાતને ઘણી રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. એક તરફ દુનિયામાં એઆઈ (AI) અને ટેકનોલોજીની સ્પર્ધા ઝડપથી વધી રહી છે, તો બીજી તરફ ચીનને લઈને અમેરિકા અને તેના સહયોગી દેશોની વ્યૂહરચના પણ બદલાઈ રહી છે. આવી સ્થિતિમાં ભારત અને અમેરિકા વચ્ચેનો સહયોગ એક નવી દિશા લઈ શકે છે.

### કેમિસ્ટોની

તા.૨૬-૦૩-૨૦૨૦ હેઠળ સ્પ્યુરિયસ અને નકલી દવાઓના મુદ્દે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. એસોસિએશનના જણાવ્યા મુજબ ગેરકાયદેસર સપ્લાય ચેઈન અને શંકાસ્પદ સ્ત્રોતોથી દવાઓના પ્રવેશને કારણે નકલી દવાઓનો ખતરો વધ્યો છે, જે દર્દીઓના આરોગ્ય માટે ગંભીર જોખમરૂપ બની શકે છે.

કેમિસ્ટોએ આક્ષેપ કર્યો છે કે, મોટા કોર્પોરેટ ગ્રુપ અને ઓનલાઈન પ્લેટફોર્મના વધતા પ્રભાવને કારણે નાના અને મધ્યમ કેમિસ્ટોના વ્યવસાય પર પ્રતિકૂળ અસર પડી રહી છે. સાથે જ સસ્તી દવાઓના નામે ગુણવત્તા અને સેવા ઉપર પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા હોવાનું જણાવ્યું છે.

એસોસિએશને દર્દીઓને પડતી અસુવિધા બદલ દિલગીરી વ્યક્ત કરી હતી, પરંતુ દર્દીઓના હિત, અસલી દવાઓની સુરક્ષા અને આરોગ્ય વ્યવસ્થાની વિશ્વસનીયતા જાળવવા આ પગલું જરૂરી હોવાનું જણાવ્યું છે.

### અધિકારીઓ-કર્મચારીઓ

રાખવો પડશે.

આ ઉપરાંત, તમામ સરકારી કેન્ટીનોમાં આગામી ૬ મહિનામાં પીએનજી કનેક્ટિવિટી ફરજિયાત કરવા અને ખરીદીમાં સ્વદેશી તેમજ સ્થાનિક ખજખઊત ઉત્પાદનોને પ્રાધાન્ય આપવા માટે આદેશ કરવામાં આવ્યો છે.

### મેલેરિયા રોકવા

### પેજ-૨ પાનાનું ચાલુ

વિકસાવવાનો છે. સંશોધન તાપમાન અને ભેજ આ બે આબોહવા પરીબર પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

પરિણામ: શહેરી વાતાવરણમાં મેલેરિયા કેવી રીતે ફેલાય છે તેની આપણી સમજ સુધારવા માટે પરિણામો ખૂબ જ મહત્વપૂર્ણ છે. તે શહેરોમાં જાહેર આરોગ્ય અધિકારીઓને મેલેરિયાનું જોખમ ક્યારે અને ક્યાં વધે છે તેની આગાહી કરવામાં અને રોગને રોકવા અને નિયંત્રણ કરવા માટે વધુ સારી વ્યૂહરચના ડિઝાઈન કરવામાં મદદ કરશે. આગાહીઓમાં સુધારો કરીને અને હસ્તક્ષેપોને વધુ અસરકારક રીતે લક્ષ્ય બનાવીને, આ સંશોધનમાં મેલેરિયાના કેસ ઘટાડવા અને જીવન બચાવવાની ક્ષમતા છે.

### ઉન પાટીયા

### પેજ-૨ પાનાનું ચાલુ

વધારાના સફાઈ સ્ટાફ, વાહનો તથા દેખરેખ માટે જવાબદાર અધિકારીઓની નિમણૂક કરવા પણ માંગ કરવામાં આવી છે.

રોશન શેખે જણાવ્યું હતું કે બકરી ઈદનો પર્વ શાંતિપૂર્ણ, સ્વચ્છ અને સુવ્યવસ્થિત વાતાવરણમાં ઉજવાઈ શકે તે માટે સુરત મહાનગર પાલિકા દ્વારા સમયસર આયોજન અને યોગ્ય કાર્યવાહી કરવી જરૂરી છે.

### મહુવા અંબિકા

### પેજ-૨ પાનાનું ચાલુ

સુચના આપી હતી. આ ઉપરાંત આગામી સમયમાં ચોમાસાની ઋતુને ધ્યાને લઈને ડીજીવીસીએલના અધિકારીઓને વીજળીના ઝૂલતા કે લટકતા તારોને મજબુત કરીને પ્રિ-મોન્સુન કામગીરી હાથ ધરવા જણાવ્યું હતું. આ બેઠકમાં મહુવા, અંબિકા અને બારડોલી તાલુકાના સરપંચો, વાસ્મો, પાણી પુરવઠા, વનવિભાગ, ડીજીવીસીએલ, સિંચાઈ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### આદિમજુથના

### પેજ-૨ પાનાનું ચાલુ

સબસે પહલે" ના મુખ્ય મંત્ર સાથે આ વિશેષ સપ્તાહની ઉજવણી તા.૧૮/૦૫/૨૦૨૬ થી ૨૫/૦૫/૨૦૨૬ દરમિયાન વિવિધ કેમ્પો યોજાશે. આ અવેરનેસ અને સેચ્યુરેશન કેમ્પ દરમિયાન ગ્રામજનોને એક જ સ્થળેથી અસંખ્ય યોજનાઓનો લાભ મળી રહેશે. જેમાં પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, નલ સે જલ યોજના, રેશનકાર્ડ, આધારકાર્ડ, જાતિ અને ડોમિસાઈલ પ્રમાણપત્રો, વિધવા અને દિવ્યાંગ પેન્શન સહાય તેમજ પીએમ ઉજ્જવલા યોજના જેવી પાયાની સેવાઓ પૂરી પાડવામાં આવશે, જેના માટે સ્થળ પર જ નોટરીની સુવિધા પણ ઉપલબ્ધ કરાશે. આરોગ્ય વિભાગ દ્વારા આયુષ્માન ભારત કાર્ડ, પીએમ માતૃવંદના યોજના, સીકલ સેલ નાબૂદી અંગેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

### છેલ્લા પાનાનું ચાલુ

### સુરતની

ફરિયાદીએ કોટક મહિન્દ્રા બેંક ખાતામાં રૂ.૩.૭૬ લાખ ટ્રાન્સફર કર્યા હતા. આરોપીએ COS લેટર મોકલ્યું હતું, પરંતુ તે પણ બનાવટી હોવાનું બહાર આવ્યું હતું. આ રીતે રૂપિયા લઈ વિઝા ન કરાવી આપી ઓનલાઇન છેતરપીંડી આચરવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

### સુરતમાં

હવામાં ભેજનું પ્રમાણ ૭૩ ટકા રહેતાં લોકો બફારાથી અકળાયા હતા. શહેરમાં દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક ૧૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો. હવામાન વિભાગે જણાવ્યું છે કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગામી ૩થી ૪ દિવસમાં દક્ષિણપૂર્વ અરબી સમુદ્ર, કોમોરિન વિસ્તાર અને બંગાળની ખાડીના વધુ વિસ્તારોમાં આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ રહી છે. કેરળમાં ૨૬ મે આસપાસ ચોમાસું બેસવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાત માં નીચલા સ્તરે પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

બુધવાર, તા.૨૦ મે ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫
સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ

## સુરત એસઓજીનું ઓપરેશન રેમ્બો

# ચપ્પુ-છરા, તલવાર સાથે ૭૩ ઝડપાયા

### સુરતમાં બેફામ બનેલી ગુનાખોરી ડામી દેવા એસઓજી પોલીસે વિવિધ વિસ્તારોમાંથી ઘાતક શસ્ત્રો સાથે ઠગલાબંધ લોકોને ઝડપી પાડ્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા તેમજ અસામાજિક તત્વોમાં કાયદાનો ભય ઊભો કરવાના હેતુથી સુરત શહેર એસ.ઓ.જી. દ્વારા "Operation Rambo" હાથ ધરવામાં આવ્યું છે. આ ખાસ ડ્રાઈવ અંતર્ગત પોલીસે અલગ-અલગ વિસ્તારોમાં કોમ્બિંગ અને ચેકિંગ હાથ ધર્યું હતું.

આ ઓપરેશન દરમિયાન પોલીસે ભૂતકાળમાં હત્યા, ડબલ મર્ડર, હાફ મર્ડર, લૂંટ, આર્મ્સ એક્ટ અને ગુજસીટોક જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા અને અગાઉ પકડાઈ ચૂકેલા સહિત કુલ ૭૨ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આ તમામ આરોપીઓની તપાસ કરી તેઓને ડિટેઈન કરવામાં આવ્યા છે. પોલીસે ચપ્પુ, રેમ્બો છરો, ખંજર તથા તલવાર જેવા અનેક ઘાતક હથિયારો કબજે કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, જાહેરનામાનો ભંગ કરનાર ૧ તડીપાર આરોપીને પણ દબોચી લેવાયો છે, આમ કુલ ૭૩ ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરાઈ છે.


(તસવીર : હનીફ મલેક)

વધુમાં એસ.ઓ.જી.ના નાયબ પો.કમિ. રાજદિપસિંહ નકુમ તથા PI એ.એસ.સોનારા દ્વારા તાજેતરમાં શહેર વિસ્તારમાં મારામારી, મર્ડર, લુંટ વિગેરે ગંભીર ગુનાઓ નોંધાયેલ હોય તે પોલીસ સ્ટેશન વિસ્તારનો ડેટા મેળવી, તે ડેટાને એનાલીસ કરી આ અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્પેશ્યલ કોમ્બીંગ હાથધરવા એસ.ઓ.જી..ના પીઆઈ જે.એમ.પરમાર તથા PI કે.એ.સાવલીયા તેમજ PSI સહિતની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. જે ટીમો દ્વારા શહેરના લિંબાયત, ઉધના, ચોકબજાર, અઠવા, ભેસ્તાન, પુણા, મહિધરપુરા, ગોડાદરા, રાંદેર, સલબાતપુરા, અડાજણ, લાલગેટ વિગેરે પો.સ્ટે. હદ વિસ્તારમાં આક્સીક ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# નવા કોર્ટ બિલ્ડિંગ મુદ્દે વિવિધ સૂચનો કરતા વકીલ જતીન ગાંધી

### સૂચનપત્રમાં પાર્કિંગથી લઈને લિફ્ટ સુધીના મુદ્દા ઉઠાવ્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

સુરત શહેરમાં નિર્માણ પામનાર નવા કોર્ટ બિલ્ડિંગ અંગે એડવોકેટ જતીન જે. ગાંધી દ્વારા સુરત જિલ્લા વકીલ મંડળ અને સુરત સિટી એડવોકેટ્સ એસોસિએશનને વિસ્તૃત સૂચનપત્ર પાઠવવામાં આવ્યું છે. પત્રમાં કોર્ટ બિલ્ડિંગ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવાની માંગ સાથે વકીલો, પક્ષકારો અને ન્યાયાધીશો માટે પૂરતી સુવિધાઓ ઊભી કરવાની રજૂઆત કરવામાં આવી છે. પત્રમાં જણાવાયું છે કે હાલનું કોર્ટ બિલ્ડિંગ ભીડભરેલું બની ગયું હોવાથી આગામી ૩૦થી ૪૦ વર્ષને ધ્યાનમાં રાખી વિશાળ અને સુવિધાસભર નવું બિલ્ડિંગ તૈયાર કરવું જરૂરી છે. સાથે જ બિલ્ડિંગના નકશા અને આયોજન પહેલા વકીલ મંડળની કમિટી બનાવી તેના અભ્યાસ બાદ સામાન્ય સભામાં ચર્ચા કરવા પણ સૂચન કરાયું છે.

#### વકીલોની સમિતિ બનાવવા માંગણી

- કોર્ટ બિલ્ડિંગ માટે ૫ થી ૭ વકીલોની કમિટી રચવાની માંગ
- પાર્કિંગ માટે અલગ મલ્ટી લેવલ બિલ્ડિંગ બનાવવાની રજૂઆત
- વકીલો અને પક્ષકારો માટે અલગ લિફ્ટની વ્યવસ્થા
- કોર્ટ રૂમમાં વિશાળ વેન્ટિલેશન અને એ.સી. આયોજન
- ફાઈલ સ્ટોરેજ માટે મોટા રેક બનાવવાની માંગ
- નકશા મંજૂરી પહેલા વકીલ મંડળ સાથે ચર્ચા કરવાની સૂચના

વકીલ દ્વારા પાર્કિંગને સૌથી મહત્વનો મુદ્દો ગણાવવામાં આવ્યો છે. કોર્ટ બિલ્ડિંગની આજુબાજુ ખુલ્લી જમીનમાં પાર્કિંગ કરવાને બદલે બે બેઝમેન્ટ અને ચાર માળનું અલગ પાર્કિંગ બિલ્ડિંગ બનાવવા રજૂઆત કરાઈ છે. ઉપરાંત વકીલો માટે અલગ લિફ્ટ, પક્ષકારો માટે અલગ લિફ્ટ અને વિશાળ ફોયર બનાવવાની પણ માંગ કરાઈ છે. કોર્ટ રૂમની ડિઝાઈન, વેન્ટિલેશન, બેસવાની વ્યવસ્થા અને કોર્ટ કેસોની ફાઈલ માટે વિશાળ રેક બનાવવા સહિતના અનેક મુદ્દાઓ પણ સૂચનપત્રમાં સામેલ કરવામાં આવ્યા છે. એડવોકેટ જતીન ગાંધી દ્વારા આ તમામ સૂચનો સામાન્ય સભામાં ચર્ચી યોગ્ય નિર્ણય લેવા અપીલ કરવામાં આવી છે.

# સુરતની કન્સલ્ટન્ટ મહિલા સાથે યુકે અને કેનેડાના વિઝાના બહાને ઠગાઈ

### મમતાબેન વાઘેલાએ મોકલેલા ૧૪ ક્લ્યાન્ટ્સ સાથે આરતી શર્મા દ્વારા ઓનલાઈન ફ્રોડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

પાલ વિસ્તારમાં રહેતી મહિલાને કેનેડા અને યુકેના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને લાખો રૂપિયાની ઓનલાઈન છેતરપીંડી કરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો છે. બનાવ અંગે પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે. ફરિયાદ મુજબ પાલ-અડાજણ વિસ્તારમાં રહેતી મમતાબેન મયુરભાઈ વાઘેલાએ વિઝા કન્સલ્ટન્ટ તરીકે કામ કરતા આરતી શર્મા નામની મહિલાનો સંપર્ક કર્યો હતો.

આરતી શર્માએ ૧૪ ક્લાયન્ટને કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાની ખાતરી આપી રજીસ્ટ્રેશન, પ્રોસેસિંગ અને એમ્બેસી ફીના બહાને તબક્કાવાર રૂપિયા મંગાવ્યા હતા. ફરિયાદી દ્વારા એક્સિસ બેંક ખાતામાંથી "સેન્ટિફ ગ્રુપ ઓફ કન્સલ્ટન્ટ્સ"ના ખાતામાં કુલ રૂ.૭.૦૧ લાખથી વધુની રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી. બાદમાં આરોપીઓએ WINPAK, Turner અને Hampton by Hilton કંપનીના બનાવટી એપોઈન્ટમેન્ટ લેટર મોકલ્યા હતા. જોકે બાદમાં કોઈ વિઝા પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી નહોતી. આ ઉપરાંત સંજયસિંહ ગુર્ષિન્દરસિંહ નામના શખ્સે બે ક્લાયન્ટને યુકેના વિઝા અપાવવાની વાત કરી અલગ અલગ ચાર્જના બહાને રૂપિયા મંગાવ્યા હતા.

અનુસંધાન પાના ૭ પર

# કાપોદ્રાના ૨૦ વર્ષ જૂના પ્લોટિંગ કૌભાંડમાં ત્રણ સામે ગુનો દાખલ

### પ્લોટના લાખો રૂપિયા વસુલી દસ્તાવેજ ન કરી આપવાના આક્ષેપ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

કાપોદ્રા વિસ્તારમાં ઓફિસ ચલાવી પ્લોટ આપવાના નામે લાખો રૂપિયા વસૂલી દસ્તાવેજ ન કરી આપવાના આક્ષેપ સાથે ત્રણ શખ્સો સામે છેતરપીંડીનો ગુનો નોંધાયો છે. બનાવ અંગે પુણાગામ વિસ્તારમાં રહેતા ખેડૂત જેરામભાઈ ડાયાભાઈ માંગુકીયાએ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ આરોપી હરજીભાઈ નરસિંહભાઈ વાઘાણી, મનજીભાઈ ઉર્ફે મનસુખભાઈ માંડાણી અને ધીરૂભાઈ હીરજીભાઈ ઉર્ફે હીરાભાઈ કુકડીયાએ મળીને કામરેજ ચાર રસ્તા નજીક નવાગામ વિસ્તારમાં "શ્રી ગણેશ રો હાઉસ" નામનો પ્રોજેક્ટ જાહેર કર્યો હતો. આરોપીઓએ નાના વરાછા ઢાળ ખાતે આવેલી ઓફિસ મારફતે પ્લોટિંગનો વ્યવહાર શરૂ કર્યો હતો. આરોપીઓએ ફરિયાદી પાસેથી પ્લોટ આપવાના બહાને રૂ.૪.૨૦ લાખ લીધા હતા. ઉપરાંત સાહેદ પ્રતાપભાઈ જેસીંગભાઈ પરમાર પાસેથી પણ રૂ.૧૪.૧૮ લાખથી વધુની રકમ વસૂલવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. જોકે લાંબા સમય બાદ પણ કોઈ પ્લોટના દસ્તાવેજ બનાવી આપવામાં આવ્યા નહોતા તેમજ લીધેલી રકમ પણ પરત આપવામાં આવી ન હતી. આ સમગ્ર બનાવ ઓક્ટોબર-૨૦૦૫થી આજદિન સુધીનો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પોલીસએ ફરિયાદના આધારે ત્રણેય આરોપીઓ સામે છેતરપીંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બપોરે સુરત જિલ્લા વકીલ મંડળની મળેલી સામાન્ય સભા

### સામાન્ય સભામાં લો લાયબ્રેરીના મુદ્દે ભારે હંગામો થવાના એંધાણ

સિવિલ કોર્ટના વેકેશન દરમિયાન સુરત જિલ્લા વકીલ મંડળની આજે બપોરે બે વાગ્યે મળનારી સામાન્ય સભામાં લો લાયબ્રેરીના નવા હોદ્દેદારોની નિમણૂંક અને હોદ્દેદારોની ટર્મ એક વર્ષથી વધારીને બે વર્ષ કરવા સહિતના મુદ્દે ભારે વિવાદ થવાની શક્યતા છે. વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલે જણાવ્યું કે, લાયબ્રેરીના વર્તમાન હોદ્દેદારો પૂરતું ધ્યાન આપતા ન હોવાની વકીલોની ફરિયાદ બાદ, મુખ્ય ન્યાયાધીશ આર.એ.ત્રિવેદીની સૂચનાથી નવા હોદ્દેદારોની પસંદગી માટે નામોની યાદી તૈયાર કરાઈ છે. જો સભામાં વકીલો સહમતિ આપશે તો આ નામો મુખ્ય ન્યાયાધીશને મોકલાશે, અન્યથા ચૂંટણી યોજવામાં આવશે. બીજી તરફ, લાયબ્રેરીના સેક્રેટરી વિરલ મહેતાએ આ પ્રક્રિયાનો સખત વિરોધ કરતા લેખિત રજૂઆત કરી છે કે લો લાયબ્રેરી એક સ્વાયત્ત (સ્વતંત્ર) સંસ્થા છે અને વકીલ મંડળને તેના વહીવટ કે નવી નિમણૂંકો બાબતે દખલ કરવાની કોઈ સત્તા નથી, જેને પગલે આજની સભા તોફાની બને તેવા પૂરા સંકેતો છે.

# સુરતમાં સવારે બે ડિગ્રી પારો ઉપર ચઢતા બપોરે ભારે ગરમી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

ગુજરાત રિજિયન, સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ દીવ, દમણ અને દાદરા નગર હવેલી વિસ્તારમાં વાતાવરણ સુકું રહ્યું હતું. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો, જ્યારે રાજયના અન્ય વિસ્તારોમાં તાપમાનમાં ખાસ ફેરફાર જોવા મળ્યો નહોતો. હવામાન વિભાગના અહેવાલ મુજબ સુરત શહેરમાં આજે સવારે લઘુત્તમ તાપમાન ૨ ડિગ્રી વધીને ૨૭.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

અનુસંધાન પાના ૭ પર

# સાત હજારથી વધુ મેડીકલ સ્ટોરની હડતાળ

### ઓનલાઈન દવાના વેચાણ પર ભારે ડિસ્કાઉન્ટ સહિતના વિવિધ મુદ્દે મેડીકલ સ્ટોર સંચાલકોની સજ્જડ હડતાળ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

દેશભરના ૧૫ લાખથી વધુ કેમિસ્ટ અને ડ્રગિસ્ટોએ ઓનલાઈન ફાર્મસી પ્લેટફોર્મના બેફામ સંચાલન અને ભારે ડિસ્કાઉન્ટની નીતિના વિરોધમાં દેશવ્યાપી બંધનું એલાન આપ્યું છે. આ બંધની અસર સુરતમાં પણ જોવા મળી રહી છે, જ્યાં ૭ હજારથી વધુ મેડિકલ સ્ટોર સંચાલકો બંધમાં જોડાયા હોવાનું સામે આવ્યું છે.




કેમિસ્ટ એસોસિએશનના જણાવ્યા મુજબ ઓનલાઈન ફાર્મસી દ્વારા બિનચકાસેલ દવાઓનું વેચાણ, ડોક્ટરની પ્રિસ્ક્રિપ્શન વિના દવાઓની ઉપલબ્ધતા અને ભારે ડિસ્કાઉન્ટના કારણે પરંપરાગત મેડિકલ સ્ટોર્સના વેપાર પર ગંભીર અસર પડી રહી છે. આ મુદ્દે કેન્દ્ર સરકાર દ્વારા કડક નિયમન લાવવાની માંગ સાથે આ વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.

બંધ દરમિયાન સામાન્ય મેડિકલ સ્ટોર્સ બંધ રાખવામાં આવ્યા હતા, જોકે હોસ્પિટલ સાથે જોડાયેલા મેડિકલ સ્ટોર્સ, ઈમરજન્સી સેવાઓ અને નિર્ધારિત ઈમરજન્સી કેમિસ્ટ દુકાનો ચાલુ રાખવામાં આવી હતી જેથી દર્દીઓને જરૂરી દવાઓ મળવામાં મુશ્કેલી ન પડે. આંદોલનનું નેતૃત્વ ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ્સ એન્ડ ડ્રગિસ્ટ્સ (AIOCD) દ્વારા કરવામાં આવ્યું છે. જોકે કેટલાક રાજયોની સ્થાનિક ફાર્મસી એસોસિએશનોએ બંધથી દૂર રહેવાનો નિર્ણય લીધો હોવાનું પણ જાણવા મળ્યું છે.

# પાર્સલ સર્વિસ કંપનીના પાંચ કર્મીઓ દ્વારા રૂા.૧૭.૪૫ લાખની ગોલમાલ

### કંપનીના હિસાબમાં ગોટાળો સામે આવતા કર્મચારીઓ વિરૂદ્ધ ગુનો દાખલ કરાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

સચીન વિસ્તારમાં આવેલી ડિલિવરી સર્વિસ કંપનીમાં કામ કરતા પાંચ કર્મચારીઓએ મળીને પાર્સલમાં ગોટાળો કરી અને રોકડ રકમનો હિસાબ ન આપતા રૂ.૧૭.૪૫ લાખની ગુનાહિત વિશ્વાસઘાતનો મામલો સામે આવ્યો છે. સમગ્ર ઘટનાને લઈ પોલીસમાં ફરિયાદ નોંધાતા તપાસ શરૂ કરવામાં આવી છે.

ફરિયાદ મુજબ હરિયાણાના મહેન્દ્રગઢ જિલ્લાના રહેવાસી અને હાલ કંપનીમાં નોકરી કરતા પ્રદિપ બીરેન્દ્રસિંહ યાદવે ફરિયાદ નોંધાવી છે. સચીન લાજપોર ગામ ખાતે આવેલા વિશ્વકર્મા કોમ્પ્લેક્ષમાં "આઈડેન્ટીફાઈ પ્લસ ડીલીવરી સર્વિસ પ્રા. લી." નામની કંપનીના હબમાં ગોટાળો આચરવામાં આવ્યો હતો. આ કેસમાં કલસ્ટર મેનેજર સુર્યપ્રકાશ પ્રજાપતિ, હબ ઈન્ચાર્જ કપીલકુમાર મહતો, ટીમ લીડર અભિનંદન તિવારી તેમજ ડિલિવરી એજન્ટ નઝીમ પટેલ અને મનીષ જગતાપ સામે આરોપ મૂકાયો છે. આરોપીઓએ મળીને ગ્રાહકો દ્વારા કેન્સલ કરાયેલા પાર્સલમાં અદલાબદલી કરી કંપનીમાં ડમી પાર્સલ જમા કરાવ્યા હતા. ઉપરાંત ડિલિવરીથી મળતી રોકડ રકમનો હિસાબ પણ કંપનીને આપ્યો નહોતો. કંપનીની આંતરિક તપાસ દરમિયાન સમગ્ર ગોટાળો બહાર આવ્યો હતો. આરોપીઓ કુલ રૂ.૧૭,૪૫,૫૩૦ની રકમની ગુનાહિત વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

# મહિલા પાસે પઠાણી વ્યાજની વચુલી માટે મોતની ધમકી

### આઈસ્ક્રીમની દુકાન પર વ્યાજની ઉઘરાણી માટે મહિલાને વિકાસ કઢીવાલાએ ગાળો ભાંડી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

મહિલાને ઉંચા વ્યાજે રૂપિયા આપી બળજબરીથી ઉઘરાણ તથા જાનથી મારી નાખવાની ધમકી આપવાના મામલે એક શખ્સ સામે ગુનો નોંધાયો છે. પોલીસ ફરિયાદ મુજબ કોઝવે રોડ વિસ્તારમાં રહેતી રાખીબેન સંતોષ દડવી આઈસક્રીમનો વેપાર કરે છે. આરોપી વિકાસભાઈ અરવિંદભાઈ કઢીવાલાએ નાણાં ધીરધારનું લાઈસન્સ ન હોવા છતાં રાખીબેનને જૂન-૨૦૨૫ દરમિયાન રૂ.૧.૩૦ લાખ મહિને ૮ ટકા વ્યાજના દરે આપ્યા હતા.

ફરિયાદ અનુસાર આરોપીએ ગત ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં રૂ.૭૦,૪૦૦ જેટલી વ્યાજની રકમ બળજબરીપૂર્વક વસૂલ કરી હતી. છેલ્લા બે મહિનાથી ધંધો ન ચાલતા રાખીબેને વ્યાજ ભરવા માટે સમય માંગ્યો હતો. જોકે આરોપી વારંવાર દુકાને પહોંચી જઈ તેમજ વોટ્સએપ મારફતે મેસેજ કરી વ્યાજ અને મુદ્દલની ઉઘરાણી કરતો હતો. આરોપી ગત ૧૩ મેના રોજ સાંજના સમયે કોઝવે રોડ સ્થિત નીલકંઠ બિઝનેસ હબમાં આવેલી દુકાને પહોંચ્યો હતો અને રાખીબેન સાથે ઝઘડો કરી ગાળો આપી હતી. સાથે જ બાકી રકમ નહી ચૂકવે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

**પશ્ચિમ રેલવે**

**ઓએચઈ ફેરફાર કામ**

સિનિયર ડીઈઈ(ટીઆરડી)એનએસ/બીસીટી. આમંત્રણ ઈ-ટેન્ડર સૂચના: EL-TRD-W-118-26-27-8 તારીખ 14.05.2026. કાર્યનું નામ: મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત વિભાગમાં S-5 UDN સુધી DN લૂપના વિસ્તરણની જોગવાઈ સાથે NIYOL-BHET બાય પાસ લાઈનના UP લૂપ સુધીના વિસ્તરણના સંદર્ભમાં OHE મોડિફિકેશન કાર્ય. જાહેરાત મૂલ્ય: 4,79,23,304.60/- EMD: 9,58,500/-. સબમિશનની તારીખ અને સમય: 08.06.2026, 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: 08.06.2026 15.30 કલાકે. ટેન્ડર વેબસાઈટ www.ireps.gov.in પર જોઈ શકાય છે.

0113

Like us on: facebook.com/WesternRly

भारत की जनगणना 2027 CENSUS OF INDIA

गृह मंत्रालय भारत सरकार

# આપણી વસ્તી ગણતરી આપણો વિકાસ

(વસ્તીગણતરી ૨૦૨૭ નો પ્રથમ તબક્કો)

સ્વ-ગણતરી (Self-Enumeration) ને લગતા સામાન્ય પ્રશ્નો અને જવાબો (ભાગ-૨)

**સ્વ-ગણતરી શું છે?**

સ્વ-ગણતરી એક ઓનલાઈન પ્રક્રિયા છે જેમાં તમે પ્રગણકની રાહ જોયા વિના, જાતે SE પોર્ટલ (se.census.gov.in) પર તમારા પરિવારની માહિતી ભરી શકો છો.



**સ્વ-વસ્તીગણતરીના શું ફાયદા છે?**
- તમે તમારી અનુકૂળતા મુજબ માહિતી ભરી શકો છો.
- ગોપનીયતા સુનિશ્ચિત થાય છે.
- વસ્તીગણતરીની પ્રક્રિયાને ઝડપી અને કાર્યક્ષમ બનાવે છે.

**સ્વ-વસ્તીગણતરી પોર્ટલમાં લોગ-ઇન કેવી રીતે કરવું?**
- રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશ પસંદ કરો.
- પરિવારના વડાનું નામ, મોબાઈલ નંબર અને ઈમેઈલ (વૈકલ્પિક) ભરો.
- ઓટીપી દ્વારા વેરિફિકેશન કરો.
- સ્વ-ગણતરી શરૂ કરો.

**તમારા ઘરનું સાચું લોકેશન કેવી રીતે માર્ક કરવું?**
- જિલ્લો / પિનકોડ પસંદ કરો.
- વિસ્તાર / લેન્ડમાર્ક દાખલ કરો.
- મેપ પર ઝૂમ કરો અને ઘરની નજીક લોકેશન માર્ક કરો (ચોક્કસ સરનામું ન દેખાય તો ગભરાશો નહી).
- સાચું લોકેશન માર્ક કરવું જરૂરી છે.

**શું હું મારી માહિતી પછીથી સુધારી શકું છું?**
- સબમિટ કરતા પહેલાં તમે સુધારો કરી શકો છો.
- સબમિશન પછી વસ્તીગણતરી કરનારના આવ્યા પછી જ ફેરફાર શક્ય બનશે.

**શું ભારતની બહારથી સ્વ-વસ્તીગણતરી (SE) પોર્ટલનો ઉપયોગ કરી શકાય છે?**
- ના, આ સુવિધા માત્ર ભારતની ભૌગોલિક સરહદની અંદર જ ઉપલબ્ધ છે.

**જો સબમિટ કર્યા પછી ભૂલની ખબર પડે તો શું કરવું?**
- વસ્તીગણતરી કરનારના ઘરે આવે ત્યારે SE IDની મદદથી સુધારો કરાવી શકાય છે.

**શું હું ફોર્મ સેવ કરીને પછીથી પૂરું કરી શકું છું?**
- હા, તમે પ્રોગેશ સેવ કરી શકો છો અને નક્કી કરેલા સમય મર્યાદાની અંદર ફોર્મ પૂરું કરી શકો છો.

ટોલ ફ્રી નં.- ૧૮૫૫

ચાલો નિભાવીએ આપણી જવાબદારી, કરીએ વસ્તીગણતરીમાં ભાગીદારી

CensusIndia2027

CBC 19108/13/0110/2627